# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૩મું

VOLUME : 21 • ISSUE : 12 • PAGES : 44 • MUMBAI • DATE : 20TH JANUARY 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


શ્રી ક.દ.ઓ.જૈન શિક્ષણ સોસાયટી

## શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગલીશ મીડીયમ સ્કૂલ, ગદગનું

### ૧૧૪ મું વાર્ષિક સ્નેહ મિલન



# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ - સમુહલગ્ન ૨૦૧૮



# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ - સમુહલગ્ન ૨૦૧૮



# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ - સમુહલગ્ન ૨૦૧૮



# "ક.દ.ઓ. જ્ઞાતિરત્ન"



**શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા**

(લાખણિયા - વડાલા)



**શ્રી હિતેન્દ્ર માણેકજી મોતા**

(રાપર ગઢવારી - નેપિયન્સી રોડ)

ક.દ.ઓ. મોતા પરિવારના સ્થંભસમાન બે મુરબ્બીઓને જ્ઞાતિએ
હાલમાં કચ્છ નલીયા ખાતે યોજાઇ ગયેલા જ્ઞાતિના ચતુર્થ સંમેલનમાં
"**ક.દ.ઓ. જ્ઞાતિ રત્ન**" ના
ઈલકાબથી નવાજ્યા તે બદલ સમસ્ત જ્ઞાતિને

**અભિનંદન અને આભાર....**

આપશ્રી બન્ને મોતા પરિવારજનો તંદુરસ્ત-દીર્ઘ આયુષ્ય પામો અને
ધર્મ-સમાજની સેવા કરતા રહો એવી અભ્યર્થના સાથે,

**આપશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના....**

લી.

**આપના ક.દ.ઓ. મોતા પરિવારના સભ્યો સહ પરિવારજનો,**

**તથા**

**ટ્રસ્ટીઓ - શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા


# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

K.D.O STUDENTS ASSOCIATION Estd. 1954

## આયોજિત

# ૬૫ મો વાર્ષિક ઉત્સવ - કચ્છી મેળો

*હલ રે વણજારા તોકે કચ્છડો વતાંઈયા...*

## કચ્છી મેળામાં સર્વે ક.દ.ઓ. જ્ઞાતિજનોનું હાર્દિક સ્વાગત છે.

**સ્થળ :**
અનંતનાથ કોમ્પલેક્સ ગ્રાઉન્ડ
કાંજુરમાર્ગ (ઇસ્ટ)

**:: શુભ દિન ::**
**તા. ૦૩.૦૨.૨૦૧૯**
**રવિવાર**

**સમય :**
સવારે ૧૦:૦૦ કલાકે થી
રાત્રે ૧૦:૦૦ કલાકે સુધી

- ટ્રેડ એન્ડ ફન-ફેર
- શૈક્ષણિક પુરસ્કાર વિતરણ
- સાંસ્કૃતિક કાર્યક્રમ
- ગરબા-રાસ નીરવ બારોટ સંગાથે...
- ગેમ્સ ઝોન અને કિડ્સ પ્લે
- **Many more surprises...**

સોવિનિયર
અને
ઇ-સોવિનિયર
વિમોચન



ઉપરના કાર્યક્રમમાં ફેરફારનો સંપૂર્ણ અધિકાર વિદ્યાર્થીસંઘને રહેશે.

| President | Vice President | Secretary | Treasurer |
|---|---|---|---|
| Shri. Hemil Jayesh Dand | Shri. Urmin Jayesh Lodaya (Shah) | Ku. Ekta Udayan Lodaya | Shri. Rushabh Gulab Poladia |
| Ghatkopar (Varadia) | Ghatkopar (Suthri) | Mulund (Moti Sindhodi) | Bhandup (Dumra) |

Follow Us on Social Media | / shreekdovs

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
હિરાચંદ દામજી દંડ
: તંત્રી મંડળ :
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

ટ્રસ્ટ રજી. નં : F - 69260
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
અન્ય ટ્રસ્ટીઓ
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
અન્વેષક
CA મણિકાંત વસનજી નાગડા

અંક નં. ૧૨
Date : 20-01-2019

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

: જાહેરાત સંપર્ક :
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65
Mob.: 98211 54326

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# ક.દ.ઓ. જ્ઞાતિની મિલકતો

આપણા દિલાવર તથા દિર્ઘદૃષ્ટિ ધરાવતા દાતાશ્રીઓના કારણે આપણી જ્ઞાતિના અનેક ટ્રસ્ટો તથા સંસ્થાઓ ભારતભરમાં સારી એવી મિલકતો ધરાવે છે જે એક જ્ઞાતિજન તરીકે ગૌરવ લેવા જેવી વાત છે.

હવે આ બધી મિલકતોનો જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યમાં મહત્તમ ઉપયોગ થાય તે રીતે એનું સંચાલન તથા વ્યવસ્થાપન થવું જોઈએ એ સમયની માગ છે. ફક્ત મિલકતો ધરાવવી અથવા એની સંભાળ લેવા માત્રથી જ્ઞાતિના સપનાઓને વાસ્તવિક નહીં બનાવી શકાય. એ માટે યોગ્ય ચર્ચા-વિચાર કરીને, સમયને અનુરૂપ નિર્ણયો લેવો જોઈએ.

આમાંની ઘણી બધી મિલકતો જૂની અને જર્જરિત થઈ ગઈ હોવાથી ટ્રસ્ટો માટે તેની જાળવણી કરવી અથવા તેને ઉપયોગમાં લેવી મુશ્કેલ બન્યું છે. એવી મિલકતોનું પુનઃનિર્માણ કરી એકત્રિત રકમને જ્ઞાતિના ઉત્કર્ષ માટે વાપરી શકાય તેમજ મિલકતોની માલિકિયત પણ જ્ઞાતિ પાસે જ રહે.

વિભિન્ન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓને ટ્રસ્ટના માલિકીની મિલકતોના પ્રશ્નો અંગે પોતાના વિચારો વ્યક્ત કરવા જોઈએ અને તેના ઉકેલ માટે તેમના શ્રેષ્ઠ પ્રયત્નો કરવા જોઈએ. પણ હવે એવો સમય આવ્યો છે કે જ્ઞાતિની મિલકતોના મહતમ ઉપયોગ અને લાભ માટે નિષ્ણાતોની સેવા લેવી જોઈએ. આપણા જ્ઞાતિજનોની અનેક કંપનીઓ બાંધકામ ક્ષેત્રે અગ્રણી છે તેમની સહાયતા પણ આ માટે લઈ શકાય.

આશા રાખીએ કે વિભિન્ન સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓ આ દિશામાં ચોક્કસપણે વિચારીને આવશ્યક પગલાં લેશે.

– હિરાચંદ દામજી દંડ
hirachanddand@gmail.com
Mob.: 7738508150

## ચર્ચાને ચોતરે

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે 'ચર્ચાના ચોતરે' વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂં નામ-સરનામું-ફોન નંબર-ઈમેઈલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય.

– તંત્રી મંડળ

## વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઈનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

– તંત્રી મંડળ

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## જી હાઁ, મેડીકલ ટ્રીટમેન્ટ ફ્રીમાં :

કેન્સરની કેમોથેરેપી - રેડીયેશન, બાયપાસ સર્જરી, હાર્ટ વાલ્વ રીપ્લેસમેન્ટ, મોતીબિંદુ, કીડની ડાયાલીસીસ, કીડની સ્ટોન, પ્રોસ્ટેટ વિગેરે તેમ જ અન્ય ઘણી સર્જરી અને ટ્રીટમેન્ટ મળી શકશે.

**શરતો :**

૧) ઓરેન્જ / યલો રેશનકાર્ડ,
૨) રેશનકાર્ડમાં પેશન્ટનું નામ, ૩) મહારાષ્ટ્રવાસી,
૪) આધારકાર્ડ હોલ્ડર

નીચેની ચાર હોસ્પિટલોમાં ટ્રીટમેન્ટ - સર્જરી :

૧) જ્યુપીટર હૉસ્પિટલ - ફોન ૨૧૭૨ ૫૫૫૫
ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, કેડબરી - માજીવાડા જંક્શન પાસે, થાણા (વેસ્ટ) - ૪૦૦ ૬૦૧.

૨) ભક્તિ વેદાંત હૉસ્પિટલ - ફોન : ૨૮૪૫ ૫૫૧૦ / ૨૯૪૫૨૪૦૦ / ૨૯૪૫૨૫૦૦
સેક્ટર-૧, સૃષ્ટિ કોમપ્લેક્ષ, મીરા રોડ (ઈસ્ટ),
જી. થાણે - ૪૦૦ ૧૦૭.
નિરજભાઈ - ૯૧૬૭૭૯૯૪૨૦

૩) કે. જે. સોમૈયા હૉસ્પિટલ, સાયન
ફોન : ૨૪૦૯૦૨૫૩ / ૨૪૦૯૩૪૨૯
સોમૈયા પ્રકલ્પ, ઈસ્ટર્ન હાઈવે, એવરેડ નગર પાસે,
સાયન, મુંબઈ - ૪૦૦ ૦૨૨.

૪) ઘાટકોપર હિન્દુસભા હૉસ્પિટલ -
ફોન : ૨૫૦૯૪૪૫૧ / ૨૫૦૯૪૪૫૨
શ્રધ્ધાનંદ રોડ, રેલ્વે સ્ટેશન સામે,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.

**અન્ય સંપર્ક :**

ભક્તિ વેદાંત એન્ડ કે. જે. સોમૈયા હૉસ્પિટલ
ગાડગે મહારાજ - ૯૮૨૦૬ ૪૧૮૯૭
વસંત ગલીયા - ૯૩૨૨૨ ૨૮૧૩૪

- **કે.સી. લુઠીયા,** માનવજ્યોત,
૯૮૨૦૦ ૩૯૪૬૯

**જાહેરાતો-સમાચારો મોકલવા માટે સંપર્ક**

મુકેશ લોડાયા - **022-2508 4463 / 64 / 65**
મોબાઈલ **98211 54326** (સવારે ૧૧ થી સાંજે ૭)
ઉદયન લોડાયા - **98210 04296 / 87796 47886 / 022-2264 2495** (સાંજે ૫ થી ૭)

**RR*ની કલમે***

# અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો સ્તુત્ય પ્રસ્તાવ

લગભગ બે વર્ષ પહેલાં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ 'અનંતસિધ્ધિ' (ભાંડુપ)નો પુનર્વિકાસ કરવા અંગે પ્રાથમિક નિર્ણય લીધો હતો તે પછી તેમની વખતોવખતની કાર્યવાહીઓ સંદર્ભે તેઓ જ્ઞાતિને પ્રત્યક્ષ અને પરોક્ષપણે માહિતગાર કરતા આવ્યા છે જેમાં અલબત્ત, અનેક વિવાદાસ્પદ પ્રશ્નો સમયાંતરે ઉપસ્થિત થતા રહ્યા છે તેને અત્યારે અપ્રસ્તુત ગણીએ તો, તેમણે એકાદ મહીના પહેલાં આ દિશામાં એક મહત્વનું અભિનંદનીય પગલું ભર્યું છે તે, ન કેવળ અનંતનાથજી ટ્રસ્ટની મિલકતોના કે જ્ઞાતિના અન્ય ટ્રસ્ટોની મિલકતોના વહીવટ સંદર્ભે, પંરતુ તે ઉપરાંત પણ સમગ્ર જ્ઞાતિની મુંબઇ કે અન્યત્ર વિસ્તારોની રહેઠાણ સમસ્યાઓના નિરાકરણ અને ઉકેલના બૃહદ પરિપ્રેક્ષ્યમાં પણ વધુ ઉલ્લેખનીય બને છે.

ટ્રસ્ટીઓએ, પ્રસ્તુત પુનર્વિકાસની યોજનાના એક ભાગ રૂપે ફ્લેટ ધારકોને તેમના હસ્તકની હાલની જુની જગ્યાઓના વિકલ્પમાં નવા મકાનમાં જે ફ્લેટો અપાશે તે માલિકી ધોરણે નહીં પણ ટ્રસ્ટના ભાડુત તરિકે જ શરતી ભાડુઆત હકોના અન્વયે આપવાની મુખ્ય જોગવાઇ ધરાવતો સૂચિત કરારનામાનો મુસદો બનાવ્યો છે તેને લીધે આ રહેણાકોના જ્ઞાતિજનો જે ઉહાપોહ કરી રહ્યા છે તે તદન બિનજરૂરી છે અને અનુચિત પણ.

અત્રે એ સૂચક છે કે ટ્રસ્ટીઓ તરફથી ફ્લેટધારકોને આ સૂચિત કરારનો ઉક્ત મુસદો અપાયો તે જ અરસાની આસપાસ આ રહેણાકોએ, ટ્રસ્ટીઓએ શેઠશ્રી નરસી નાથા મેડીકલ ટ્રસ્ટને પેથોલોજી લેબોરેટરીના કલેક્શન સેંટર માટે 'અનંતસિધ્ધિ'માં એક ફ્લેટ ફાળવ્યો હતો તેનું ૧૬ ડિસેમ્બરના ઉદ્‌ઘાટનો કાર્યક્રમ યોજવાની જાહેરાત કરાઇ તે ટાંકણે જ, તેનો ઉગ્ર વિરોધ કર્યો જે મામલો એક દિવસ પહેલાં પોલિસ સ્ટેશન સુધી પહોંચ્યો જ્યાં ટ્રસ્ટીઓને પણ ઉપસ્થિત થવાની ફરજ પડી હતી તે પ્રકારની કટુજનક બોલાચાલીથી તંગદિલી નિર્માણ થઇ અને છેવટે મુંબઇ મહાજને અને ટ્રસ્ટીઓએ આ ઉદ્‌ઘાટન કાર્યક્રમ મુલત્વી રાખવો પડ્યો.

અત્રે એ પણ સૂચક છે કે એક બાજુ અનંતસિધ્ધિના આ રહેણાકોએ તેમને નવા ફ્લેટો ભાડુઆત હકો રૂએ મળશે તે બાબત પોતાના અસંતોષ અને અસમંતિને આ રીતે પરોક્ષપણે વાચા આપી હતી ત્યારે બીજી બાજુ ટ્રસ્ટીઓએ તેમના અનંતસિધ્ધિ ભાડુત મંડળને સંબોધિત ૨૭-૧૨-૨૦૧૮ના પત્રમાં, ઉપરોક્ત ૧૫-૧૬ ડિસેમ્બરના બનાવો ટાળી શકાયા હોત અને તે પરત્વે ખેદ વ્યક્ત કરવા સાથે પેથોલોજી લેબ સેન્ટરની આવશ્યકતાના સમર્થનમાં તેમજ ભાડુતોએ તે સંબંધે ઉઠાવેલા ગેરવ્યાજબી કારણોનો તાર્કિક જવાબ સંયમિત ભાષામાં આપ્યો છે અને તે ઉપરાંત, ''અમારી જાણ મુજબ ધંધાકીય નુકસાન, નામ બદલી, ચડેલા ભાડાની રકમ ન ભરનાર ભાડુતો, બંધ રહેલી રૂમોના ભાડુતો તથા કૌટુંબિક વારસાઇ વિખવાદવાળા ભાડુતો વગેરે ટ્રસ્ટ/ટ્રસ્ટીઓ સાથે ભાડુતોનો વિવાદ થાય એવું ઇચ્છી રહ્યા છે' તે પ્રકારના વિધાનો પણ પત્રમાં કર્યા છે તે ઠાલા આક્ષેપો નહીં પરંતુ સાચી હકીકતો હોવાની વધુ શક્યતા છે તેની ગંભીરતા પર સૌ સંબંધિતોએ એ દષ્ટિએ ઊંડી વિચારણા કરવાની આવશ્યકતા છે કે આપણા ટ્રસ્ટોના મકાનોમાં રહેતા રહેણાકો અને ભાડુતોના સર્વસામાન્ય અભિગમ અને માનસિકતા, સમયાંતરે અને છેવટે પણ, કેવા પ્રકારે પેશ આવે છે તે કડવી વાસ્તવિકતા પ્રત્યે દુર્લક્ષ કરવાથી, ટ્રસ્ટની મિલકતોના સૂચિત પુનર્વિકાસ અને જ્ઞાતિજનોના લાભાર્થે થતી રહેઠાણ યોજનાઓ કેવા અનર્થમાં પરિણમી શકે છે.

'અનંતસિધ્ધિ'ના ફલેટ ધારકોની રજુઆત અનુસાર તેમના ફ્લેટોમાં બીમ-પ્લાસ્ટર ઇત્યાદિ બિસમાર હાલતમાં છે અને આમ તેઓ ઘણી જોખમની પરિસ્થિતિમાં રહે છે. આની સામે, કેટલીક હકીકતોનો વિચાર કરીએ તો, ડિસેમ્બર ૨૦૧૭માં અનંતનાથજી ટ્રસ્ટીઓએ જ્ઞાતિ અગ્રણીઓ અને વ્યવસાયિકો સાથે જે સભા યોજેલ ત્યારે એક પ્રતિષ્ઠિત બીલ્ડર-વ્યવસાયિકે 'અનંતસિધ્ધિ'ના રહીશોનું ધ્યાન દોર્યું હતું કે આપણી જ્ઞાતિના અનેકાનેક કુટુંબો તેમનાથી ઘણી બદતર હાલતમાં ઝુંપડ પટ્ટી અને ગંદા-ગલીચ વિસ્તારોમાં કાચા ઘરોમાં વર્ષોથી રહે છે, તેમની સરખામણીમાં તેઓ 'અનંતસિધ્ધિ'માં ઘણી સાનુકૂળતા ધરાવે છે તેનો વિચાર કરવો જોઇએ. તેવીજ રીતે, એ સભા પછી છેલ્લાં અનેક વર્ષોથી જ્ઞાતિની વિવિધ સંસ્થાઓને આર્થિક અનુદાનો આપવા ઉપરાંત તેમની પ્રવૃત્તિઓ - વહીવટમાં ઊંડો રસ લઇ રહેલા એક સન્માનીય વરિષ્ઠ અગ્રણીએ 'અનંતસિધ્ધિ'ના મુખ્ય પ્રતિનિધિઓને પૂછેલું કે ફ્લેટોમાં મરામત કરવાથી તે રહેવા લાયક બની શકતા હોય તો આ રહીશો તેટલું કામ પોતાના ખર્ચે કરવા

।। શ્રી મોમાઇ માતાજી નમઃ ।।

# શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર - સાંયરા

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઇ માતાજીની અસીમ કૃપાથી સાંયરા મધે સંવત ૨૦૭૫ ચૈત્ર સુદ ૧ ને **શનિવાર તા. ૦૬-૦૪-૨૦૧૯**ના સવારના ૮.૩૦ કલાકથી **માતાજીની સમુહ પહેડી, ધ્વજા, તથા ચંડીપાઠ** અને ચૈત્ર સુદ ૨ ને **રવિવાર તા. ૦૭-૦૪-૨૦૧૯ના શ્રી ભોઇમા ની ગંધી બદલવાના કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવેલ છે.

**''સ્થાનિકમાં વ્યવસ્થા સાચવવા અગાઉથી જણાવવા મહેરબાની કરશોજી''.**

ખુશાલીના ઉમેરારૂપે જણાવવાનું કે **મુંબઇ મધે** શ્રી મોમાઇ માતાજીની **નવમી સમુહ પહેડી સંવત ૨૦૭૫ને વૈશાખ સુદ ૮ને રવિવાર, તા. ૧૨-૦૫-૨૦૧૯**ના શુભ દિવસે લાભાર્થી દાતા **શ્રી મેઘણબાપા પરિવાર** (સાંયરા) અને **માતુશ્રી જયાબેન મધુકર મોમાયા પરિવાર** (સાંયરા-મુંબઇ) દ્વારા સંગીતકાર **શ્રી નિખીલ સંગોઇ** અને સાથી કલાકારો સંગાથે, **નારાણજી શામજી વાડી, ૪૫૨, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.) મુંબઇ** સવારના ૯ કલાકથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

બન્ને પ્રસંગે સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઇ માતાજીને નમતા ભાવિકો સહપરિવાર તથા નિયાણી બહેનો/દીકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે.

**સંપર્ક :** **(નોંધ : બન્ને અવસરે કાળા વસ્ત્રો પહેરીને નહી આવવા કાળજી લેશોજી)**

**શ્રી હીરાચંદભાઇ મોમાયા - 09370336826** **શ્રી દિનેશભાઇ મોમાયા - 09820678051**
**શ્રી ભદ્રેશભાઇ મોમાયા - 09833131359** **શ્રી પ્રવિણભાઇ મોમાયા - 09425089966**
**શ્રી શ્રેણીકભાઇ મોમાયા - 09323785320**

**લિ. ભોઇમાં જયાબાઇ મોમાયા તથા મોમાઇ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

---

।।જય શ્રી સચ્ચાઇ માતા ।। ।। જય શ્રી ભલારા દાદા ।।

## ભલારા દાદા તથા શ્રી સચ્ચાઇ માતાજીને મોટી વરંડી સ્થાનકે નમતા સર્વે ભાવિકો જોગ,

**મુંબઈ ખાતે દશમી પહેડી**
**રવિવાર, તા. ૧૦-૦૨-૨૦૧૯ મહાસુદ ૬**
**ભાંડુપ મધે સવારના ૯.૦૦ થી ૧.૦૦ સુધી**

**પહેડીના સૌજન્ય દાતા**

**માતુશ્રી નેણબાઇ હીરજી લોડાયા પરિવાર**

ગામ : મંજલ (રેલડીયા) હાલ : ડોંબિવલી

**કાર્યક્રમ :** (૧) સ્થાપના (૨) પહેડી, ભાવના, પ્રસાદ (૩) સભા : અહેવાલ, સંવત ૨૦૭૬ માગસર સુદ-૫ની ધ્વજા ચડાવવાનો આદેશ

**સ્થળ :** કુકરેજા કોમ્પલેક્ષ મિની હૉલ, અનંતસિદ્ધિ દેરાસરની સામે, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.

તા.ક.: સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.

સંપર્ક : મણિલાલ શાહ - 09322276296
રમેશ લોડાયા - 09892003940 અનિલ શાહ - 09833511685

---

।। શ્રી શાંતિનાથાય નમઃ।। ।। શ્રી ચંદ્રપ્રભસ્વામી નમઃ।।

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઇ

### ગોએરસમા-બારોઇ ધ્વજા મહોત્સવ જાહેર આમંત્રણ

બન્ને ગામવાસીઓ સહ પરિવાર તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ,

તપચક્રવર્તી બાવન સુદીર્ઘ વર્ષીતપ આરાધક અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.** તેમજ સર્વે આચાર્ય ભગવંતોના આશિર્વાદથી બન્ને ગામોના જિનાલયોમાં **પ.પૂ. સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા.** આદીઠાણા ૩ની પાવન નિશ્રામાં દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

**-: કાર્યક્રમ :-**

વિ.સં. ૨૦૭૫ ફાગણ વદ ૧ ને **ગુરૂવાર તા. ૨૧-૩-૨૦૧૯ના અઢાર અભિષેક** વિ.સં. ૨૦૭૫ ફાગણ વદ ૨ને **શુક્રવાર તા. ૨૨-૦૩-૨૦૧૯ના બન્ને જિનાલયોની વર્ષગાંઠ** નિમિત્તે ધ્વજારોહણ યોજેલ છે.

આવા રૂડા અવસરની જાહેરાતને નિમંત્રણ સમજી આપ સૌ સહ પરિવાર પધારવા કૃપા કરશોજી. ભાગ્યશાળીઓએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**સંપર્ક :**

અશોક પોલડીયા - 09422212250 ભુપેન્દ્ર ડાઘા - 09819883522
પ્રવિણ મોમાયા - 09425089966 શ્રેણીક મોમાયા - 09323785320

લિ. પ્રમુખશ્રી ધનપતિ કુંવરજી મોમાયા એવમ પદાધિકારીઓ કારોબારી સભ્યો, એવમ ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર.

આર્થિક રીતે સક્ષમ છે કે કેમ, તેના ઉત્તરમાં આ પ્રતિનિધિઓએ ખુલાસો કર્યો હતો કે પાંચેક રહીશો સિવાય બાકીના સૌ ફ્લેટ ધારકો તે સમારકામ મરામત પોતાના ખર્ચે કરી શકે તેમ સધ્ધર છે પરંતુ ટ્રસ્ટીઓ જ તેમને આવા ખર્ચ કરવા ના પાડી રહ્યા છે કારણ કે પુનર્વિકાસની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થવાની છે.

તેવી જ રીતે, 'અનંતસિદ્ધિ'ના રહીશો 'અનંતછાયા'ના પુનર્વિકાસનું દૃષ્ટાંત આપીને એવી માગણી કરી રહ્યા છે કે જો ત્યાંના જુના ભાડુતોને માલિકી ધોરણે ફ્લેટ મળ્યા છે તો અમને પણ તે હકો મળવા જોઇએ. આની સામે, જ્ઞાતિના ઉપરોક્ત સન્માનીય અને અન્ય અગ્રણીઓ પોતાના સ્પષ્ટ મત દર્શાવી રહ્યા છે કે અનંતછાયામાં થયેલી ભૂલનું પુનરાવર્તન ન થવું જોઇએ અને જ્ઞાતિની મિલકતો જ્ઞાતિમાં જ રહેવી જોઇએ તેમજ તેમાં વસતા કે પુનર્વસન પામતા જ્ઞાતિજનોએ તે પર જ્ઞાતિનો મૂળભૂત હક છે અને રહેશે તે સ્વીકારવું જ જોઇએ અને આ નૈતિક સિધ્ધાંત કે અભિપ્રાય અનંતનિવાસ, અનંતભુવન, જથ્થાવાળો માળો, મલબારીવાળા માળાના ભાડુતોને પણ તેટલો જ લાગુ પડે છે અન્યથા એવી વાત થઇ કે જ્ઞાતિના મકાનોના ભાડુતો, ટ્રસ્ટ કે જ્ઞાતિ તેમના આવાસ રહેઠાણોની મરામત કે પુનર્વિકાસ માટે ખર્ચ પણ ભોગવે અને બીજી બાજુ કોઇપણ ખર્ચ કે કિંમત ચૂકવ્યા વિના તેઓ નવા રહેણાકોના સંપૂર્ણ માલિકો બની જાય તેવી અપેક્ષા અને વિચારસરણી તો આપણી નૈતિક અવદશા અને કૃતઘ્નતાની નિશાની છે.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ, ઉપરોક્ત કરારના મુસદામાં 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની યોજનામાં, ફ્લેટ ધારકોના સહકાર, ફરજ અને જવાબદારીઓ સંબંધિત જે જોગવાઇઓ પ્રયોજી છે તે પણ અભિનંદનીય છે.

એ રીતે ફ્લેટ ધારકોએ નવા મકાનમાં પોતાના ફ્લેટના તેમજ અન્ય સામાન્ય ભોગવટાની સવલતોના મિલકત વેરા, પાણી, વિજળી, મેઇન્ટેનન્સ, સુરક્ષાના ખર્ચાઓ વિગેરેની જવાબદારીઓ તેમના ભાડુત મંડળના નેજા હેઠળ નિભાવવાની રહેશે અને ટ્રસ્ટની પૂર્વ પરવાનગી વિના ભાડુઆત હકોનું હસ્તાંતરણ ન કરી શકાશે તે પ્રકારની જોગવાઇઓને કારણે, ટ્રસ્ટ પર રોજીંદા વહીવટ-દેખરેખને લગતા ખર્ચાઓઓથી સંપૂર્ણ મુક્તિ મળશે અને મિલકત પર ટ્રસ્ટની એટલે કે જ્ઞાતિની માલિકી કાયમી રહેશે તેમજ આપણા જ્ઞાતિજનોની જ વસતી ત્યાં ટકી રહેશે તે પ્રકારની મુળભૂત ભૂમિકા પર આ પુનર્વિકાસનો પાયો રચાય તેની પુખ્ત વિચારણા ટ્રસ્ટીઓએ કરી છે અને ભવિષ્યમાં સંભવિત પરિસ્થિતિઓ ઉદ્ભવે તો તેને અનુલક્ષીને આ પુનર્વિકાસ કઇ રીતે પૂરો થવો જોઇએ જેમાં ખાસ કરીને, મુંબઇના ભાડા નિયમન ધારાની જોગવાઇઓના અનુરૂપમાં ભાડુતોએ બાંધકામ ખર્ચનો પણ અધિકાંશ ભાર ઉઠાવવો પડે તેવી સ્પષ્ટ કલમ મૂકીને ટ્રસ્ટીઓએ પોતાની પ્રતિમા ખરડાય અને ઉગ્ર ટીકાઓનો સામનો કરવો પડે તેવી પૂરી શક્યતા હોવા છતાં આ હિંમતભેર કડક પગલું લીધું છે તે બદલ તેમજ જ્ઞાતિના મકાનોના પુનર્વિકાસ અને રહેઠાણ યોજનામાં કેવા પ્રકારના કરાર-સમજુતી થવી જોઇએ તે માટેની એક પ્રેરણારૂપ નક્કર સંરચના (મૉડેલ) સૌ સંબંધિતોની વિચારણા માટે તૈયાર કરી છે તે બદલ પણ, અનંતનાથજી ટ્રસ્ટીઓને જેટલા પણ અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

અત્રે એ પણ નોંધનીય છે કે તાજેતરમાં યોજાયેલ જ્ઞાતિ સંમેલનમાં, જરૂરિયાતમંદ જ્ઞાતિજનોના લાભાર્થે જે રહેઠાણ યોજના રજુ કરાઇ છે તેમાં પણ લાભાર્થીઓને સારા રહેઠાણોમાં વસાવતી વખતે હંગામી ધોરણે - ત્રણ કે પાંચ વર્ષ માટે - જ્ઞાતિનો ટેકો મળી રહે તેવી સંકલ્પના કરાઇ છે તે પણ બધી રીતે યોગ્ય છે.

આમ, જ્ઞાતિની મિલકતોમાં ફ્લેટ કે રહેણાક ધારકોના તેમાં સ્થાપિત હિતો ઊભા ન થાય તે બાબતે શરૂઆતથી જ સૌ સંબંધિતોએ પર્યાપ્ત કાળજી લેવી પડશે અને બીજી બાજુ રહેણાક કે શૈક્ષણિક કે અન્ય યોજનાઓના લાભાર્થીઓએ, જ્ઞાતિ તેમના માટે કાયમી મદદ કે ટેકો આપતી રહેશે તેવી અપેક્ષા ન રાખવાની વાસ્તવિકતા હવે સ્વીકારવી જ પડશે.

આશા રાખીએ કે ટ્રસ્ટીઓએ 'અનંતસિદ્ધિ'ના પુનર્વિકાસ માટે ફ્લેટ ધારકો સમક્ષ જે પ્રસ્તાવ મૂક્યો છે તેના કેન્દ્રબિંદુમાં રહેલા સિધ્ધાંત કે નીતિને જ્ઞાતિના અન્ય અગ્રણીઓ પણ ખુલ્લું જાહેર સમર્થન આપશે અને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને આ પ્રસ્તાવ અંગે તમામ સાથ સહકાર આપવાની નૈતિક હિંમત દાખવશે.

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - રાણપર**

**શ્રી કચ્છ પ્રદેશે શ્રી રાણપરના આંગણીયે**
**શ્રી મહાવીર સ્વામીજી જિનાલય પ્રતિષ્ઠા પ્રસંગે**

## ત્રયાન્હિકા મહોત્સવે પધારવા સપ્રેમ આમંત્રણ

**મહોત્સવ પ્રારંભ**
વિક્રમ સંવત ૨૦૭૫ મહા સુદ – ૯
બુધવાર, તા. ૧૩-૦૨-૨૦૧૯

**પાવન પ્રતિષ્ઠા દિવસ**
વિક્રમ સંવત ૨૦૭૫ મહા સુદ – ૧૧
શુક્રવાર, તા. ૧૫-૦૨-૨૦૧૯

**દ્વારોદ્‌ઘાટન**
વિક્રમ સંવત ૨૦૭૫ મહા સુદ – ૧૨
શનિવાર, તા. ૧૬-૦૨-૨૦૧૯

**સમસ્ત શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને પધારવા હાર્દિક આમંત્રણ...**

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ – ૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ • ઈમેલ : anantnathtrust@gmail.com

**કુમઠા તથા વાલગીરી દેરાસરજી - અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવ પ્રસંગે**
**તા. ૦૭ તથા ૦૮ માર્ચ ૨૦૧૯ના પધારવા હાર્દિક આમંત્રણ.**

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટ** સંચાલિત, પ્રાચીન, શ્રી શાંતિનાથજી દેરાસરજી, વાલગીરી તથા શ્રી પાર્શ્વનાથજી દેરાસરજી, કુમઠા મધ્યે **અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવ**નો પ્રસંગ ફાગણ સુદ બીજ તથા ત્રીજ, **ગુરૂવાર તા. ૦૭-૦૩-૨૦૧૯** તથા **શુક્રવાર તા. ૦૮-૦૩-૨૦૧૯**ના રોજ **પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.**ની નિશ્રામાં ધામધૂમથી ઉજવીએ.

સૌ જ્ઞાતિજનોને વહેલી તકે ટિકિટો કઢાવી લેવા આગ્રહભરી વિનંતી છે. દર વર્ષે હુબલી, ગદગ, સીરસી, ગોવા વગેરે ગામોથી ૧૦૦-૧૨૫ જ્ઞાતિજનો ટ્રસ્ટના આમંત્રણને માન આપીને ઉમળકાભેર આવે છે. ત્યાં રહેવા, જમવાની વ્યવસ્થા ખૂબ સુચારૂ રૂપે થાય છે.

**-: વ્યવસ્થા માટે સંપર્ક :-**

**શ્રી કાંતિલાલભાઇ (કુમઠા) – 092421 75461**
**શ્રી હીરાચંદભાઇ (વાલગીરી) – 081056 05020**

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર**

**નોંધ :** જે કોઇ જ્ઞાતિજન ઉપરોક્ત પ્રસંગે પધારવાના હોય, તેમણે પોતાના નામ, ઉંમર, મોબાઇલ નંબર, કચ્છ/હાલારનું ગામ તથા હાલ રહેઠાણની વિગત તા. ૦૪-૦૨-૨૦૧૯ સુધી કુમઠા જણાવવી, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

# શ્રી સી.ડી.ઓ. જૈન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, ગદગ

## ૧૧૪ મું વાર્ષિક સ્નેહ-મિલન તા. ૪-૫-૬ જાન્યુઆરી ૨૦૧૯

# ''અહેવાલ''

તા. ૪ જાન્યુઆરી બપોરના ૪ વાગે કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય થી થયેલ. સમારંભના મુખ્ય અતિથી તરીકે આપણી શાળાના મોભી વિદ્યાર્થી શ્રી રવીન્દ્ર હરીશ મુનવર તેમજ તેમના અર્ધાંગીની શ્રીમતી અમીષા રવીન્દ્ર મુનવર ખાસ બેંગ્લોરથી પધારેલ. બેઉ અતિથી Information Technology ની પ્રખ્યાત કંપનીમાં ઉચ્ચ સ્થાને સેવા આપે છે. અતિથી વિશેષ તરીકે શ્રી દિપક જયચંદ ખોના - પ્રમુખશ્રી ક.દ.ઓ. જૈન મહાજન પધારેલ. શાળાના પ્રમુખ ડૉ. પ્રદીપ એસ. ખોના તેમજ સેક્રેટરી શ્રી સુજીવ જે. સોનીએ પોતાનું સ્થાન શોભાવેલ. Administrative Officer (A.O.) શ્રીમતી સુમિત્રા ચાફેકર, Head Mistress શ્રીમતી માધુરી હીરેમઠ, શ્રીમતી રોમીલા કોલાર અને કુમારી હર્ષા ભગત, General Secretary (G.S.) પવન પુરાણીક, Gathering Leader (GL) શુભમ બાગરેચા મંચ પર બીરાજેલ.

શાળાના દશમા ધોરણના વિદ્યાર્થી કુમાર પવન પુરાણીક, વિદ્યાર્થીનીઓ કુમારી અંકીતા ઓઝા અને કુમારી ઉષ્માઅંજુમ ઉમચગી ને સર્વશ્રેષ્ઠ - Outstanding Student તરીકે દરેકને આકર્ષક ટ્રોફી અને રૂા. ૨૨,૨૨૨/-નો ચેક એનાયત કરવામાં આવેલ. ૨૦૧૭-૧૮ની પરીક્ષામાં SSLC માં કન્નડમાં ૧૦૦ માંથી ૧૦૦ મેળવનાર ૧૦ વિદ્યાર્થી અને બીજા વિષયોમાં વધારેમાં વધારે માર્કસ મેળવનારને ટ્રોફી તેમજ રોકડ ઇનામ આપવામાં આવેલ. દરેક કલાસમાં Best Boy-Best Girl તેમજ Highest માર્કસ મેળનવાર દરેકને ટ્રોફી આપવામાં આવેલ.

શ્રી રવીન્દ્ર મુનવરે પોતાની શાળાના દિવસો યાદ કરીને ગદ્‌ગદ્ થઇ ગયેલ. સુંદર સંભારણાં સાથે પોતાનું વક્તવ્ય પુરૂં કરેલ. શ્રીમતી અમીષાએ ખૂબજ ગર્વથી કહ્યું કે ૧૯૦૦૦ ના સ્ટાફની પોતાની કંપનીમાં પણ આવું સુવ્યવસ્થિત તેમજ ઉચ્ચ સ્તરનો સુંદર કાર્યક્રમ નથી થતો તે માટે શાળાના સર્વેને હૃદયપૂર્વક અભિનંદન આપેલ. શ્રી રવીન્દ્ર મુનવરે એમના માતુશ્રી ઉષાબેન હરીશ મુનવરની સ્મૃતિમાં આવતા પાંચ વર્ષ માટે દર વર્ષે રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂપીયા એક લાખ)નું દાન જાહેર કરેલ. જેમાંથી દર વર્ષે બે કાર્યક્રમો SSLC ના વિદ્યાર્થીઓ Half Day Session ના ઉપયોગી Talks સારા વક્તાઓને બોલાવીને રાખવાની સલાહ આપેલ જે સહુએ વધાવી લીધેલ અને શાળા તરફથી એમનો ખૂબ ખૂબ આભાર માનેલ.

શાળાના પ્રમુખ ડૉ. પ્રદીપ ખોનાએ અનોખા કાર્યક્રમો કરનાર ટીચર, સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓનું બહુમાન કરેલ તેમજ ટીચર, સ્ટાફ અને પૅરેન્ટસનો ખાસ આભાર માનેલ. શાળાના દરેક કમિટી મેંબરે પોતાની જવાબદારી ખૂબ જ ઉત્સાહથી નિભાવીને કાર્યક્રમને સફળ બનાવેલ તેમનો પણ આભાર માનવામાં આવેલ.

શ્રી પાર્શ્વ કચ્છી યુવા મંડળ તેમજ શ્રી ગુજરાતી મિત્ર મંડળે "Volunteer-Friends" ની જવાબદારી દર વર્ષની જેમ ઉત્સાહથી સંભાળી કાર્યક્રમને સફળ બનાવવા બદલ તેમનો પણ ખૂબ ખૂબ આભાર.

શાળાના A.O. સુમિત્રા ચાફેકરે શાળાનો વાર્ષિક અહેવાલ સંભળાવેલ. કર્ણાટક રાજ્યોત્સવના (૧ નવેમ્બર) દિવસે Tabloo હરીફાઇમાં ગદગ ડીસ્ટ્રીક્ટમાં પ્રથમ ક્રમાંકે આવેલ. કુમારી દર્શના છેડા કરાટેમાં National Level Competition માં ભાગ લઇ શાળાનું નામ રોશન કરેલ. તેવીજ રીતે Shuttle માં State Level પર, ફૂટબૉલમાં Divisional Level પર, Science Exhibition માં Divisional Level પર ભાગ લીધેલ. અને ગદગ ડીસ્ટ્રીક્ટની Interschool Competition માં "Freedom Football Trophy" આપણી ટીમે જીતેલ. દરેક ક્ષેત્રમાં આપણા વિદ્યાર્થીઓએ સારી નામના મેળવેલ. A.O. સુમીત્રાએ સર્વે ટીચર, સ્ટાફ, પૅરેન્ટસ, વિદ્યાર્થીઓ તેમજ Management Committee નો સાથ સહકાર બદલ ખૂબ ખૂબ આભાર માનેલ.

તા. ૪ જાન્યુઆરીના Pre LKG થી ૩જા ધોરણ સુધી અને તા. ૫ જાન્યુઆરીના ૪થા ધોરણથી SSLC ના વિવિધ પ્રોગ્રામ પ્રસ્તુત કરવામાં આવેલ. ખાસ વિશેષતા એ હતી કે સ્વચ્છ ભારત, જય જવાન, એકતા, બેટી બચાવ-બેટી પઢાવ, સ્ત્રી શક્તિ, જીઓ ગ્રીન પરિસર, કરાટે, દેશ-પ્રેમ, સોશ્યલ સાઇડ, ફેમિલી વેલ્યુ, જેવા વિષયો પર ખૂબ જ સુંદર અને આકર્ષક આઇટમો રજુ થયેલ.

૧૧૪મા વાર્ષિકોત્સવના અંતિમ ચરણ રૂપે તા. ૬-૧-૨૦૧૯ના બપોરના ૧૨ વાગે કન્નડ સ્વાદિષ્ટ ''હુગ્ગી'' જમણની વ્યવસ્થા રાખેલ જેમાં આપણા તેમજ ગુજરાતી જ્ઞાતિના સર્વે પરિવાર સહીત ભાઇ-બહેનો, ટીચર અને સ્ટાફ પરિવાર સહીત અને ૧૨૦૦ વિદ્યાર્થીઓએ જમણવારનો લાભ લીધેલ.

એકંદરે ખૂબજ આકર્ષક, અવનવો અને માહિતી સભર વાર્ષિક કાર્યક્રમ સૌના સુંદર સાથ અને સહકારથી સંપૂર્ણ થયેલ.

# શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા કચ્છમાં જૈન સમાજનો સમુહલગ્નોત્સવ ઉજવાયો
## ૨ અનાથ કન્યાઓ સહિત ૧૬ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ દ્વારા સમસ્ત જૈન સમાજનો ૨૮મો સમુહલગ્નોત્સવ શ્રી લીલાશા કુટીયા - આદિપુર મધ્યે ઉજવાયો હતો. જેમાં જૈન સમાજનાં ૧૬ યુગલો લગ્ન ગ્રંથીથી જોડાયા હતા. સમુહલગ્નોત્સવના પ્રારંભે જીવદયા રૂપે ગાય માતાઓને નીરાચારાનો નિરણ નાખી કાર્યનો પ્રારંભ કરાયો હતો.આ પ્રસંગ નજરે નિહાળવા સમાજવાસીઓ વિશાળ સંખ્યામાં ઉમટ્યા હતા. બે દિવસીય આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

**સમુહલગ્નનાં મુખ્ય દાતાશ્રી**

માતુશ્રી લક્ષ્મીબેન શાંતિલાલ કુંવરજી ધરમશી (અરિહંત કાર્સ) સુથરી-મુલુંડ, માતુશ્રી કંચનબેન (દિપાલીબેન) ગુલાબચંદ ત્રિકમજી નાગડા-રંગપુર-મુલુંડ, માતુશ્રી વાલબાઇ જેઠાભાઇ લોડાયા પરિવાર-જખૌ- પુના-મુંબઇ.

**સમુહ લગ્નનાં સહયોગી દાતાશ્રી**

માતુશ્રી દમયંતીબેન ચીમનલાલ નાગડા- નલિયા-મુલુંડ, માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર નરશી ખોના -નલિયા-ઘાટકોપર, માતુશ્રી નવલબેન દામજી મોતા હ. દિવ્યા નિલેશ મોતા- નલિયા-ડોંબીવલી, માતુશ્રી ધનબાઇ પ્રેમજી શાહ હ. તેજલ રાજેશ લોડાયા-મોટી સિંઘોડી-વડાલા, માતુશ્રી ગોમાબાઇ હેમરાજ લોડાયા હ. જયશ્રી ઉત્તમલોડાયા (કિંજલ બ્યુટી પાર્લર)-મોટી ખાવડી-ઘાટકોપર, માતુશ્રી તેજબાઇ વિસનજી છેડા - સુથરી-ડોંબીવલી, માતુશ્રી કાંતાબેન રમેશ જેતશી ધુલ્લા-તેરા-ડોંબીવલી, શ્રી મોતીચંદ લાલજી ખોના - નલિયા-મુલુંડ, શ્રી જ્ઞાનેશ ચીમનલાલ ડાઘા-વરાડીયા-પુના, એક સદ્‌ગૃહસ્થ પરિવાર-મુંબઇ.

**કન્યાદાનના મુખ્ય દાતાશ્રી**

શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી હ. શેઠ શ્રી હંસ બી. ખીમજી - તેરા-માટુંગા કન્યાદાનના

**કન્યાદાનના મુખ્ય સહયોગી દાતા**

માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર હ. પ્રિયાંશી, દેવાંશી, પ્રિસા જયેશ લોડાયા-સાંધવ, માતુશ્રી લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના (પટેલ) પરિવાર-મોટી ખાવડી, માતુશ્રી કુંવરબાઇ ભવાનજી સોની હ. જયંત સોની - જોય ગ્રુપ (સુથરી-જુહુ), માતુશ્રી મધુબેન કુલીનકાંત નાગડા-તેરા-નાંદેડ.

**કન્યાદાનના સહયોગી દાતાશ્રી**

માતુશ્રી પદમાબેન અશોક કલ્યાણજી ભેદા પરિવાર (વારાપદ્ધર-મુલુંડ) (નેપ્ચ્યુન ગ્રુપ), માતુશ્રી સોનબાઇ મુલજી પટેલ (મોમાયા), (સાંયરા-મુલુંડ), સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર, કોઠારા -મુલુંડ, માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ-પરિવાર-ભરૂડીયા-મુલુંડ-ભાંડુપ, મે. સુવર્ણ પ્લાઝા (મુલુંડ-મુંબઇ), એક સદ્‌ગૃહસ્થ પરિવાર, શ્રી હીરેન સોમચંદ ધુલ્લા- સુથરી-ડોમ્બીવલી.

**કન્યાદાનના આધારસ્તંભ દાતાશ્રીઓ**

શ્રી શૈલેષ સુધાકર યાજ્ઞિક -વાશી, નવી મુંબઇ, માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા-નલીયા,મુલુંડ, માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી-સાંધાણ, બારસી, શ્રી મહેશ વિશનજી છેડા- નલિયા-માણાવદર, માતુશ્રી શાંતાબેન માવજી છેડા (સમુદ્ધિ કેટર્સ)-કારાઘોઘા- સાંતાક્રુઝ, માતુશ્રી હંસાબેન હીરાચંદ અરજણ પટેલ-બાંઢીયા-ઐરોલી, માતુશ્રી ગુણાવંતીબેન ખીમજી મૈશેરી-નાની સિંઘોડી-રાયપુર, માતુશ્રી જયાબાઇ ચત્રભોજ દંડ-મંજલ, શ્રી કપોળ સેનેટોરીયમટ્રસ્ટ - લોનાવાલા, અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા)-સાંધવ, ઘાટકોપર, શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાય પરિવાર-બાંઢીયા-અમદાવાદ, માતુશ્રી હીરબાઇ નારાણજી લોડાયા-સાંધવ, પાલીતાણા, શ્રી જગદીશ કાનજી ધરમશી - તેરા (ડી.એમ.ડાયમંડ-ઘાટકોપર), માતુશ્રી મીઠીબાઇ રાયમલ મોમાયા-સુથરી, મુલુંડ, માતુશ્રી પુષ્પાબેન પદમશી સાયલા-તેરા-મુલુંડ, શ્રી ઠાકરશી લાલજી પટેલ - સાંધવ, મુલુંડ, અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા-રાપર, ભાંડુપ, મે. એક્ઝિમટ્રાન્સટ્રેડ (ઇંડિયા) પ્રા. લી. કોઠારા-મુલુંડ, મે. સિનિયર ગ્રુપ ઓફ કું. હ. શ્રી મુલજી નરશી લધાભાઇ પોલડીયા-બાયઠ, વડાલા, ગુલાબ ધનજી દંડ-પરજાઉ-અમદાવાદ, લલીત ટોકરશી લોડાયા - રાપરગઢવાળી-હૈદરાબાદ, સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન.

**કન્યાદાનનો લાભ લેનાર દાતાશ્રીઓ**

શ્રી લહેરચંદ નરશી લોડાયા (રાપરગઢવાળી), માતુશ્રી મણિબાઇ કુંવરજી મોતા (સાંધવ), માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી ધરમશી (સાંધાણ), પ્રવીણભાઇ વસા (મુંબઇ), ડી.પી. ઝવેરી, શ્રી મણિકાંત વિશનજી નાગડા (મુલુંડ), હરીશ કુંવરજી મૈશેરી (અમરાવતી), કલ્પનાબેન શામજી દંડ (મુલુંડ), મણીકાંત મેઘજી મોમાયા (હૈદરાબાદ), શ્રી ડુમરા જૈન મહાજન, વિજય ભવાનજી લોડાયા (કલીકટ), ભુપેન્દ્ર માણેકજી પોલડીયા (નાંદેડ),

**કન્યાદાન લાભ લેનાર પરિવારો**

નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા (સાંધવ), ભાલચંદ્ર ધનજી ધરમશી (સુથરી), દિનેશ લાલજી અજાણી (કોઠારા), નિર્મલા કેટરર્સ (લોનાવાલા), માતુશ્રી કસ્તુરીબાઇ કેતશી શિયાળ (જખૌ), ગિરીશ શિવજી મૈશેરી (ભાંડુપ), ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા), કૌશલભાઇ સાંઘાણી

(મુંબઇ), શ્રી વીરચંદ નરશી લોડાયા (મુલુંડ), ગુલાબ ડુંગરશી ધરમશી (મુલુંડ), ગીતાબેન વિનોદ ડાઘા (મુલુંડ), જમકુબાઇ લાલજી પટેલ (મુલુંડ), કાંતાબાઇ કુમારપાળ મોમાયા-વરાડીયા,સ્મિત દીલીપ પ્રેમચંદ મોમાયા (ગાંધીધામ), કુસુમબેન જીવરાજ મોતા (વારાપદ્ધર), હિરેન વિસનજી પોલડીયા (ભુજ), શ્રી નીરવ ઝવેરચંદ શાહ (ડુમરા), જીતેન્દ્ર દેવજી ખોના (અમદાવાદ), મનસુખલાલ શાહ (મોટા અંગિયા), મહેન્દ્ર દેવજી ખોના (અમદાવાદ), અભિનવ બેગ-નાગ્રેચા, માતુશ્રી કુંવરબાઇ ધનજી મૈશેરી (વાપી), ટોકરશી રતનશી લોડાયા (વારાપદ્ધર), તિલકંચદ નરશી નાગડા (નલિયા), વીરચંદ મેઘજી ખોના (સાંધવ), નવીન નારાણજી મોમાયા (બાયઠ), ડુંગરશી મુલજી મોતા (અંધેરી), ગુણવંતીબેન ભરત ખોના (જખૌ), દિપકભાઇ ઠક્કર (ભુજ), વિરાજ, ધ્રુવિલ ભુપેન્દ્ર લોડાયા (મોટી ખાવડી), કાર્તિક સોમૈયા (મુલુંડ), દિલીપ શાહ (મુંબઇ), કાંતિલાલ ભવાનજી લોડાયા (ભાંડુપ), માતુશ્રી વાલબાઇ દામજી ધ્રોળ (સાંયરા), હરીશ ધનજી ડાઘા (વરાડિયા), લાલજી લખમશી દંડ (પરજાઉ), નવકાર જૈન ઉપકરણ ભંડાર, પ્રીતિબેન પ્રકાશ માણેકજી લોડાયા (થાણા), મહાવીર સ્ટીલ સેન્ટર (મુંબઇ), ૠષભ સ્ટીલ સેન્ટર (મુંબઇ), ચાંપશી રાઠોડ (સાંયરા), જયોતીબેન કાન્તીલાલ લાલકા-આદીપુર, ચેતન લીલાધર ખોના-આદીપુર, કુંવરબાઇ પદમશી લોડાયા-કોઠારા, વાલબાઇ ખીમજી લોડાયા-કોઠારા, વર્ધમાન જીવરાજ નાગડા-નલીયા, ગાલા નોવેલ્ટી, પ્રભાબેન નિતીન ધરમશી (સાંધાણ), સેજલ મુકેશ પરમાર (લોનાવાલા), ચંદ્રા લેમિનેશન, ઇન્ડિયન આર્ટ સ્ટુડિયો, રીદ્ધિ ભાવેશ ધરમશી, મુરબાઇ મણસી દંડ (સાંધવ), કસ્તુરીબાઇ કેશવજી લોડાયા (આરીખાણા), ખીમજી ચત્રભોજ લાલકા (ગાંધીધામ), ગીરીશ ઠાકરશી (વારાપદ્ધર), શાંતિલાલ અરજણ દંડ (મંજલ), રતિલાલ ખેતશી ધુલ્લા, વિજય વિશનજી સોની (વાંકુ), મધુકાંત ઝવેરચંદ લોડાયા (ગાંધીધામ), રતિલાલ શિવજી લોડાયા (બૌતેર જિનાલય), વિજયાબેન કુલીનકાન્ત લોડાયા (ગાંધીધામ), અરવિંદ લાલજી લોડાયા (ગાંધીધામ), મુરબાઇ માણેકજી મોતા હ. પ્રેમિલાબેન ખોના (ભાંડુપ), દેવકુમાર ઠક્કર (વાશી), ગીતા કિરીટ લોડાયા (સાંયરા), હીરબાઇ મેઘજી નાગડા (ભુજ), નિર્મલા કેટરર્સ (લોનાવાલા), જીલ રાજેશ દંડ (ભાંડુપ), ખુશાલ નરશી પીર-સુથરી હરીશ શાહ (મુંબઇ), ખુશી ગીરીશ લોડાયા (લોકાપુર), ચાંદીનો ૧૦ ગ્રામસીક્કો મે. લગ્નદીપ (મુલુંડ), નલીન રતનશી ડાઘા (વરાડીયા), મુરબાઇ માણેકજી મોતા (ધુફી), મહેન્દ્રકુમાર લક્ષ્મીચંદ વોરા (ભુજ), ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નાની સિંધોડી, માતુશ્રી લક્ષ્મીબાઇ શામજી પરબત (વારાપદ્ધર), માતુશ્રી ધનબાઇ દામજી લોડાયા (સાયંરા), રિદ્ધિ દીનેશ મોતા (કોઠારા), માતુશ્રી કુંવરબાઇ પદમશી લોડાયા (કોઠારા), પ્રદિપ આણંદજી ખોના (સાંધવ), હરીશ દામજી ખોના (ગાંધીધામ), કાન્તીલાલ હંસરાજ મોતા (રાપરગઢવારી), માતુશ્રી લક્ષ્મીબેન શીવજી લોડાયા (કોઠારા), આણંદજી હીરજી ખોના (ગાંધીધામ),સધીકભાઇ-કોઠારા, હીંમતલાલ સંઘવી, પ્રતાપસિંહ ભગુભા સોઢા-સાંધવ, જુણશ હાજી હીંગોરા-સાંધવ, પ્રફુલ શામજી શાહ-વડોદરા, મહમદ હુસેન હીંગોરા-સાંધવ, મધુકાંત દેવજી લોડાયા-કોઠારા, સેજલ મુકેશ (નગરસેવીકા), લોનાવાલા, શોભાનાબેન ઉતીન ખોના-નલીયા.

પ્રથમદિવસે જાનૈયા-માનૈયાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી મુનિસુવ્રત સ્વામી મહાપૂજન પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. ની શુભપાવન નિશ્રામાં યોજાયું હતું. વિધિવિધાન શ્રી ધર્મેશભાઇ દેઢીયા-બીદડા-મુંબઇએ કરાવી હતી. જયારે સંગીતકાર કૌશિક બારોટ એન્ડ પાર્ટી પાલીતાણાએ ભારે રમઝટ જમાવી હતી. ધોતિયો આપવાની વિધી બાદ શ્રી મહાકાળી માતાજીની ભાવના યોજાઇ હતી. ભાવના બાદ પાનેતર સોંપવાની વિધિ તેમજ ખોંભાનું છાલ, સાચા હીરાના કાનફલ સોંપવાની વિધિ કરવામાં આવેલ. સાંજના ભલારાદાદાના પાઠ કાંતિલાલ કલ્યાણજી નાગડા તેરાવાળાએ માંડેલ. ધણીબાવાનું પાઠ સોમંચદ વિશનજી નાગડા રાપરગઢવાળાએ માંડેલ. જયારે રાત્રે સમુહ દાંડીયારાસમાં પોલીબિટ્સ ઓરકેસ્ટ્રા શ્રી રાજેશ શાહ એન્ડ પાર્ટીએ ભારે રમઝટ જમાવેલ.

બીજા દિવસે સવારે "કન્યાદાન એ મહાદાન,, સ્વપ્ન સાકાર કરતું ભવ્ય પ્રદર્શન શ્રી મહેન્દ્રભાઇ ભાણજી પાસડ તથા જતીન ગુલાબચંદ નાગડા, લક્ષ્મીચંદ લાલજી પોલડીયા, મીતલ નાગડાના વરદ્ હસ્તે ખુલ્લું મુકવામાં આવેલ.

કન્યાદાનમાં પાનેતર સહીત ૧૧ જોડી કપડા, ખોંભાનો છાલ, સાડી, સાચા હીરાના કાનફલ, સાચા હીરાનો રોઝ, સાચા હીરાનું નાકનું ફૂલ, કન્યા માટે સોનાની વીંટી, જમાઇ રાજા માટે સોનાની વીંટી, સૂટ , સુરવાલ ઝબ્બો, સોના, ચાંદી, સ્ટીલની ઘરવખરી, કીચન સામાન, અલગ અલગ અનુષ્ઠાની સાડીઓ, એન્ટિક સેટ વિગેરે હતા. દરેક પ્રસંગોમાં અલગ-અલગ વસ્ત્રોમાં વર-કન્યાઓ શોભી રહ્યા હતા. કન્યાદાનના દાતાશ્રીઓ તરફથી કન્યાઓને ટોટલ ર૭૦થી વધારે આઇટમો આપવામાં આવેલ. શાંતિનાથ દાદા અને વાછરાદાદાને પગે લાગી પ.પૂ. કંચનસાગરજી મ.સા. ના વરદ્ હસ્તે વાક્ષેપ નાખવામાં આવેલ. ત્યાર બાદ વરઘોડાની શરૂઆત થયેલ. કન્યાઓને સમૂહમાં પસ ભરવામાં આવેલ. જાનનો વરઘોડો લગ્નના માંડવે પહોંચતા લગનીયા વધાવવામાં આવેલ. લગ્નને માંડવે જાનનું સ્વાગત કરવામાં

આવેલ. વરરાજાઓ તોરણે પહોંચતા પોંખવાની વિધિ કરવામાં આવેલ. ત્યાર બાદ પોતપોતાની ચોરીમાં વર-કન્યા અને જાનૈયા-માનૈયાઓ ગોઠવાઇ ગયેલ. સર્વે જણ લગ્નની મઝા માણેલ. પહેલે ફેર ગ્રુપ દ્વારા ચાંદીની ગાયનું દાન કરવામાં આવેલ. બે અનાથ દિકરીઓની ચોરીમાં કન્યાઓને ભાઇનો ફેરો, માતા-પિતાનો ફેરો ગ્રુપના ભાઇઓ, બહેનો મામા, મામીનો પોતાની ફરજ બજાવેલ. લગ્નના ગીતોથી મંડપ ગાજી રહ્યો હતો. બે કન્યાઓને ગ્રુપના ભાઇઓએ પરણાવેલ.

બપોરે સત્કાર અને અભિવાદન સમારોહનું અધ્યક્ષ પદ રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગ- (ભારત સરકાર) ના સદસ્ય શ્રી સુનીલજી સિંઘીએ જયારે મુખ્ય અતિથિવિશેષ પદ રાજ્યમંત્રી શ્રી વાસણભાઇ આહિરે તેમજ અતિથિવિશેષ પદ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, મુંબઇ મહાજન અધ્યક્ષ કલ્પેશભાઇ મોતા, સમાજ શ્રેષ્ઠી શ્રી તરૂણભાઇ લોડાયા, ક.દ.ઓ. સમસ્ત મહાજનના નિશિથભાઇ દંડ, પ્રવિણભાઇ લોડાયા, દેવેન્દ્ર ધરમશી, જતીન નાગડા, મહેન્દ્રભાઇ પાસડ, તિલકચંદ ખોના, જયેશ લોડાયા, મીઠીબાઇ લોડાયા, લતાબેન મોમાયા, નિલેશ મોતા, હેમંત ધુલ્લાએ શોભાવ્યું હતું. પ્રારંભે આગેવાનોના વરદ્ હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવેલ.

પ્રારંભે શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇનાં અધ્યક્ષ શ્રી જયેશભાઇ જૈને મહેમાનોને મીઠડો આવકાર આપ્યો હતો. અને જણાવ્યું હતું કે, દર વર્ષે ડીસેમ્બર માસમાં ગ્રુપ દ્વારા કચ્છમાં સમુહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. દરેક કાર્યક્રમો સમુહલગ્ન સ્થળે યોજવામાં આવતા હોવાથી સમુહલગ્નમાં જોડાતી પાર્ટીઓ ઘરે કોઇ કાર્યક્રમો યોજતી નથી અને સમાજ ખોટા ખર્ચામાંથી બચે છે. બસ આજ અમારૂં ઉદ્દેશ છે. જે સારી રીતે ફળિબુદ્ધ થાય છે.

મુંબઇ મહાજનના અધ્યક્ષ શ્રી કલ્પેશભાઇ મોતાએ જણાવ્યું હતું કે, સમાજે સમય અને સંપતિઓ બચાવી છે. ગ્રુપ દ્વારા શિક્ષણ, મેડીકલ, સ્વચ્છતા, માનવસેવા, પર્યાવરણ અને જીવદયાનાં સુંદર કાર્યો હાથ ધરાય છે જે અભિનંદનીય છે.

ક.દ.ઓ. સમસ્ત મહાજનના સેક્રેટરી શ્રી નિશિથભાઇ દંડે ગ્રુપને કન્યાદાન માટે સહયોગ આપનાર દાતાશ્રીઓની ભાવનાઓને બિરદાવી કાર્યની પ્રશંસા કરી હતી. ૨૮ વર્ષથી થતું આયોજન વંદનીય છે. દીકરીઓના કન્યાદાન માટે ગ્રુપે નાનામાં નાની ચીજવસ્તુ સહિત ઘર માંડી આપ્યું છે. જે માટે એમણે યજ્ઞ માંડ્યો છે. સમાજમાં સમજદારીનો ભાવ છે. જેનાં કારણે સમાજ પ્રગતિ કરી રહ્યું છે. તેવું જણાવી નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા હતા.

સમારોહના મુખ્ય અતિથિ રાજ્યમંત્રી શ્રી વાસણભાઇ આહિરે નવદંપતિઓને શુભ આશિર્વાદ પાઠવ્યા હતા.

શ્રી મહેન્દ્રભાઇ પાસડે જણાવ્યું હતું કે, કન્યાદાનએ મહાદાન છે તેવું ગ્રુપે સાબિત કરી આપ્યું છે. દીકરી મા-બાપનાં દિલનો ટુકડો છે. તેવું જણાવી કાર્યકરોની સમગ્ર ટીમને અભિનંદન પાઠવી નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા હતા.

સમાજ શ્રેષ્ઠી શ્રી તરૂણભાઇ લોડાયાએ નવદંપતિઓને સુખી સમૃદ્ધ અને સ્નેહાળ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી સંસારમાં કયારે પણ વિઘ્ન ન આવે તેવા આશિર્વાદ પાઠવ્યા હતા. સમાજનું કડી રૂપ કામથઇ રહ્યું છે. તેવું જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજસ્થાનમાં યોજાનાર દિક્ષા મહોત્સવના દિક્ષાર્થી શ્રી મનોજકુમાર શ્રીશ્રીમાલનું ગ્રુપ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

સમારોહ અધ્યક્ષ શ્રી સુનીલજી સિંઘીએ જણાવ્યું હતું કે, અગાઉ ચાર સમુહ લગ્નોમાં અતિથિ બનીને આવ્યો હતો. આજે સહયોગી બનીને આવ્યો છું. કચ્છની ધરતીને વંદન કરૂ છું. સમુહલગ્ન નજરે નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરૂ છું. સમુહલગ્નોની પ્રવૃત્તિઓને હંમેશા સહયોગ મળી રહેવો જોઇએ. શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇના ૨૮ વર્ષના કાર્યને અંતરની બિરદાવું છું. પ્રભાવીત થઇને આ કાર્યની ઉંડી નોંધ લઇને જાઉ છું. અલ્પસંખ્યક જૈન માયનોરીટીમાં જૈનોને મળતા લાભો અંગે માહિતી આપી હતી. સરકારશ્રી સાથે રહી જૈન સમાજના પરિવારોની વચ્ચે શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ સાથે બેઠક કરી માયનોરીટી સ્કીમઆગળ ધપાવવા ઇચ્છા વ્યક્ત કરી હતી. સંસારનું સર્જન કરતી નિઃસ્વાર્થ સેવા સ્ત્રીઓમાં છે. સ્ત્રી લક્ષ્મી સ્વરૂપે તમારા ઘેર પ્રવેશ કરી રહી છે. સંસારને સુખી અને સમૃદ્ધ બનાવજો. તેવું જણાવી નવદંપતિઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સંપૂર્ણ સમુહલગ્નનાં દરેક દાતાશ્રીઓનું અભિવાદન કરવામાં આવેલ. આ પ્રસંગે યાદગાર સ્મૃતિ સંભારણું બુકની વિમોચનવિધી શ્રી સુનીલજી સિંઘી તથા આગેવાનોના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન લલીત પરમારે જયારે આભાર દર્શન પ્રબોધ મુનવરે કરેલ. વ્યવસ્થામાં પ્રબોધ મુનવર, દિપેશ શાહ, વિપુલ પટેલ, કિરણ દંડ, અરવિંદ લોડાયા, વિપુલ લાલકા, સોમચંદ નાગડા, કુસુમલાલકા, પ્રવિણ મોતા, વીરચંદ ખોના, ચેતન ખોના, ભદ્રીક મૈશેરી, હેમંત મોતા, ચંદ્રેશ સોની, વિરેન્દ્ર લોડાયા, મનોજ ગાલા, અભિષેક લોડાયા, રાજેશ મૈશેરી, હિતેશ પટેલ, રાજેશ દંડ, વિપુલ લાલકા, જયેશ લાલકા, નિતીન ધરમશી, પારસ ધરમશી, હંસરાજ લાલકા, મુકેશ દંડ, મનીષ પીર, હિરાચંદ કુરૂવા તથા વિશેષ સાથ સહકાર આપેલ.

સમૂહલગ્નનો ચાર ચાંદ લગાવવા ગ્રુપના કાર્યકર ભાઇ

બહેનો રતિલાલ ફ્રોળ, દેવ લાલકા, ગૌતમશિયાળ, ભરત ખોના, કેતન દંડ, જયેશ લોડાયા, કિરીટ લોડાયા, મહેશ મોતા, નીપેશ પટેલ, હંશરાજ ધુલ્લા, ચેતન પીર, કુણાલ ડાઘા, જતીન નાગડા, રાજેશ ધનજી લોડાયા, જયેશ ધરમશી, પરેશ ખોના, પંકજ ડાઘા, દીપેશ મુનવર, પંકજ નાગડા, હિંમાન્સુ ખોના, રાહુલ મોતા, બોધિયા ગઢવી, ભાવેશ મોતા, મહેશ નાગડા, કેવલ લાલકા, મધુકર લોડાયા, કૃણાલ ધરમશી, જવેરચંદ ધરમશી, ધવલ દંડ, ખીમજી મૈશેરી, કલ્પેશ ધરમશી ભાવિન મોતા, નિખિલ પટેલ,કસ્તુરીબેન લોડાયા, મીઠીબાઇ દંડ, રસીલાબેન ખોના, મીના દંડ, ગુણવંતીબેન મોતા, જયશ્રી ખોના, નયનાબેન ખોના, ઇલાબેન ખોના, જયાબેન સોની, નયના મોતા, પરેશ પટેલ, જાગૃતિ મૈશેરી, અમિતા મોમાયા, ગીતા લોડાયા, જયાબેન મુનવર, હેતલ પટેલ, વિમલાબેન મૈશેરી, કાંતાબાઇ લોડાયા, કલ્પનાબેન લોડાયા, નીતાબેન નાગડા, યક્ષના લોડાયા, ભારતીબેન છેડા, કાજલબેન દંડ, કાજલબેન ખોના, રેખાબેન લોડાયા, લીનાબેન પોલડીયા, સમતા ખોના, નીતાબેન ગાલા, યજ્ઞના લોડાયા, વંદના પટેલ, મીતલ નાગડા, ભગુભા ગોહિલ, લલીત લોડાયા, ગિરીશ દંડ, શ્યામગઢવી, ધનપતિ લોડાયા, વર્ધમાન લોડાયા, હરીશ શિયાલ, ભાવેશ લોડાયા, ચંદ્રકાંત લોડાયા, મનોજ ખોના, મનોજ ગોસર, સાગર લાલકા, ઉમેશ ખોના, મીથુન પટેલ, મહેશ ધરમશી, રાજેશ લોડાયા-ભાડુપ, દિનેશ મૈશેરી, ભારતીબેન નાગડા, જોસનાબેન દંડ, લીનાબેન પોલડીયાએ જહેમત ઉઠાવેલ.

કન્યાઓને તૈયાર કરવા બ્યુટિશિયન મુંબઇથી હિના ઘેલાણી, કાજલ ખોના, સંગીતા પીઠડીયા, દીપાબેન ગોહિલ પધારેલ. સમુહલગ્ન નિમિત્તે તા. ૪-૧૨ ના કોઠારા ગામે પંચ કલ્યાણક પૂજા, સ્થાનિક મહિલા મંડળે ભણાવેલ.

**૧૬ યુગલોમાંથી ૧૧ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ, ૧ મારવડી જૈન સમાજ અને ૪ જૈન સમાજમાંથી હતા.**

આમંત્રણને માન આપી મુંબઇ મહાજના સેક્રેટરી રમેશ લોડાયા, મિલન ધરમશી (ડાયમંડ), લક્ષ્મીચંદ પોલાડીયા, કિર્તી વેલજી ધરમશી, મુકેશ ભવાનજી લોડાયા, તિલક પ્રેમજી લોડાયા, શાંતિલાલ ધરમશી, દિનેશ અજાણી, રાયચંદ લોડાયા, વિરચંદ ધરમશી, દિનેશ મૈશેરી, નિપેશ પટેલ, સમીર મૈશેરી, અનીલ ચડા, જતીન નાગડા, દિનેશ લોડાયા, નેણશી ખોના, પદમશી લોડાયા, બીપીન મોમાયા, દક્ષા મોતા, અનીલ દંડ, જયેશ મોતા, દીપક મોમાયા, ડુમરા મહાજનના ટ્રસ્ટીશ્રીઓ, અમદાવાદથી મહેન્દ્ર ખોના, ચંદ્રેશ લોડાયા, જીતેન્દ્ર ખોના, હરીશ મુનવર, બેંગ્લોરથી ખુશાલ ધરમશી, હૈદરાબાદથી લલીત લોડાયા, લહેરચંદ લોડાયા, વાપીથી ધનલક્ષ્મીબેન લોડાયા, રાજકોટથી પ્રવિણસિંહ જાડેજા (સાંધવ), જલગામથી ઝવેરચંદ લોડાયા, ગાંધીધામથી પદમશીંભાઇ લાલકા, મધુકાંત લોડાયા, મિતેશ ધરમશી, લહેરચંદ ખોના, મહેશ લાલકા, નીરંજન લોડાયા, પ્રદિપ ખોના, હરીશ ચુરલા, હરીશ વિક્રમશી, ભુજથી કિશોર સાંયા, હીરાચંદ છેડા, અનીલ સાંયા, બૌઉતેર જીનાલયથી રતિલાલ લોડાયા, બાયઠથી નિલેશ પોલડીયા, નલિયાથી કીરણ મોતા, સાધવથી પ્રતાપસિંહ સોઢા તેમજ બેંગ્લોર,કોચીન, કલીકટ, કોઇમ્બતુર, ખામગામ, નાંદેડ, મલકાપુર, અહમદનગર, ભોપાલ, ધુલીયા, ચાલીસગામ, ઇન્દોર, જલગામ, ધાવણગીરી, નાસિક, પુના, લોનાવાલા, હુબલી, ગદક, ઉજ્જૈન, વાપી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, મોટી ખાવડી, જામનગર, રાજસ્થાન તથા કચ્છના ગામે ગામથી સર્વે જ્ઞાતિજનો તેમજ સગા સંબંધીઓ, જાનૈયા-માનૈયાઓ, સાજન-મહાજન તથા આમંત્રીત મહેમાનો આમંત્રણને માન આપી પધારેલ.

## આભાર

સમુહલગ્નોત્સ દાતાશ્રીઓ, કન્યાદાનના દાતાશ્રીઓ, અતિથિઓ, આમંત્રિતો, જ્ઞાતિજનો, લીલાશા કુટીયા, આદીપુર, જૈન વિધીકાર- શ્રી ધર્મેશભાઇ દેઢિયા, બીદડા-મુંબઇ, શ્રી કૌશિક બારોટ એન્ડ પાર્ટી-પાલીતાણા, પોલીબિટ્સ ઓરકેસ્ટ્રા- શ્રી રાજેશ શાહ, શ્રી અનંતનાથ મહારાજ જૈન ટ્રસ્ટ-મુંબઇ, મેહુલ પ્રિન્ટર્સ (ભરત જીવાણી) જખૌ-ડોંબિવલી, મે. નિમેષ કુરીયર્સ-મુંબઇ, મે. શ્રી છેડા ડેકોટેટર્સ-રાયણ, મે. મહારાજ ટ્રાન્સપોર્ટ-મુંબઇ-કચ્છ, શ્રી ભદ્રીકભાઇ પી. મૈશેરી-ગાંધીધામ, દિપેશ પી. શાહ-ભુજ, પોમલ સ્ટુડીઓ-શ્રી અશોકભાઇ પોમલ, શ્રી નારાણ મહારાજ-રાજસ્થાન, શ્રી પ્રબોધ હિરાચંદ મુનવર (સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા. લિ. ભુજ), શ્રી સંદીપ લોડાયા-(સ્ટીચ એલ ટેલર-મુલુંડ), ગોર મહારાજ શ્રી વિનોદભાઇ વ્યાસ-વારાપદ્ધર, શ્રી રાજેશ મોતા (મૈત્રી માર્કેટીંગ) કોઠારા-મુલુંડ, હીના હેમેન્દ્ર ગાલા-કાજલ ખોના (બ્યુટીસીયન), પ્રકાશ સમીક્ષા-જ્ઞાતિમૈયા-મુંબઇ, મે. લગ્નદીપ સાડી સ્ટુડિયો-વાંકુ-મુલુંડ, મે. મિનાક્ષી સાડી-મુલુંડ, મે. સેલિબ્રેશન-દાદર, શા. મણિકાંત ખીમજી ગાલા-મસ્જિદ બંદર, શ્રી લલિત પરમાર-થાણા.

સમુહલગ્નના દાતા પરિવાર, કન્યાદાનના દાતા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના. જ્ઞાતિજનો તથા આમંત્રણને માન આપી પધારેલ મહેમાનોનો ખૂબ ખૂબ આભાર. સમુહલગ્નમાં જોડાનાર વરપક્ષ તથા કન્યા પક્ષના પરિવારોનો ખૂબ ખૂબ આભાર. આગામી સમુહ લગ્ન તા. ૧૪,૧૫ ડીસેમ્બર -૨૦૧૯ કચ્છમાં યોજવાની જાહેરાત કરવામાં આવેલ.

**- પ્રબોધ મુનવર**

## આપણું જ્ઞાતિ દર્પણ

મેં વર્ષ ૨૦૧૮ ના જ્ઞાતિને લગતા અગત્યના આંકડાઓ તારવ્યા છે, જે ''જ્ઞાતિ દર્પણ'' ચિંતાજનક ચિત્ર દર્શાવે છે. આ માટે આગામી વર્ષોમાં આપણે તે સંબંધી ગંભીરતાથી વિચારણા કરવી જોઈએ, એ આશાથી હું તાજેતરના નલિયા સંમેલનમાં હાજર રહ્યો હતો. જેની આ સળગતા પ્રશ્નો પર સૌ માર્ગદર્શન આપે પરંતુ કમનસીબે તે થયું નહિ.

૧) ૨૦૧૮ કુલ ૧૦૩ જન્મ નોંધાયા, તેમાં ૬૬ પૂત્રો અને ૩૭ કન્યા હતા, જે અનુક્રમે ૬૪.૧% અને ૩૫.૯% હતા. હાલની લગ્નને લગતી સમસ્યાઓ ભવિષ્યમાં વધારે ગંભીર બનશે.

૨) આખા વર્ષમાં ૧૮૩ સગપણ થયા જેમાં ૧૦૩ જ્ઞાતિમાં અને બાકીના ૮૦ આંતરજ્ઞાતિય હતા, જે અનુક્રમે ૫૬.૩ અને ૪૩.૭ હતા. છૂટા થયેલા સગપણોની સંખ્યા ૯ હતી.

૩) વર્ષ દરમ્યાન ૩૪ લગ્નો જ્ઞાતિમાં થયા અને આંતરજ્ઞાતિની સંખ્યા ૩૯ હતી, જેના કારણે ૨૧ કન્યા આપણી જ્ઞાતિમાં આવી અને ૧૮ કન્યાઓ જ્ઞાતિ બહાર પરણી.

૪) ઉપરોક્ત છૂટા થયેલા ૯ સગપણો આપણી જ્ઞાતિના જ હતા, તેમાં કોઈ આંતરજ્ઞાતિ સગપણ છૂટું નહોતું થયું.

૫) વર્ષ દરમ્યાન ૨૫૩ મરણ નોંધાયા જેમાં અનુક્રમે પુરૂષો અને સ્ત્રીઓ ૧૧૯ (૪૭%) અને ૧૩૪ (૫૩%) હતા. આ ૨૫૩ મૃત્યુની સામે જન્મની સંખ્યા ૧૦૩ છે, જે જ્ઞાતિની સંખ્યામાં ૧૫૦ ઘટાડો થયો.

કોઈ છેલ્લા ૧૫/૨૦ વર્ષમાં વર્ષ પ્રતિવર્ષ થયેલા જ્ઞાતિમાં ઘટ અંગે આંકડાઓની તપાસ કરી આપણે કેટલા હજાર ઓછા થયા તેની માહિતી તૈયાર કરશે? તેવી જ રીતે આંતરજ્ઞાતિ લગ્નોને કારણે જો દર વર્ષે ૧૫૦ નો ઘટાડો હોય અને તેમાં પણ આપણે ૧ સંતાનની નીતિ અપનાવી છે અને વળી આંતરજ્ઞાતિય લગ્નો વધી રહ્યા છે તે દૃષ્ટિએ આ બેધારી તલવાર આપણને શું ચેતવણી આપે છે તેનો પણ અભ્યાસ જોઈએ.

૬) લગ્ન છૂટાછેડામાં જ્ઞાતિના ૮ અને આંતર જ્ઞાતિના ૨ કિસ્સા નોંધાયા છે.

૭) વર્ષમાં સરનામા બદલાયાની સંખ્યા ૧૮૬ હતી જે એક સામાન્ય બાબત ગણાય. હં જ્ઞાતિના વિચારશીલ કાર્યકરોને વિનંતિ કરૂં છું કે તેઓ ઉપરોક્ત પૃથઃકરણ કરતી વિગતો અંગે જ્ઞાતિની વસ્તીનું વહેણ કઈ દિશામાં વહે છે તેના મંતવ્યો આપે.

– **પદમકુમાર ધનજી નાગડા** (હુબલી)


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442
CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com
ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

# ઓસવાલોની ઉત્પત્તિ - ૯

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

(આ પહેલાં, જ્ઞાતિની વિવિધ અટક-નુખની ઉત્પતિ અંગે ખૂબ જ જહેમત અને ચીવટથી ઊંડાણપૂર્વક સંશોધન કરીને તે વિષે રમેશભાઇ દ્વારા એક સમૃધ્ધ લેખશ્રેણી 'પ્રકાશ-સમીક્ષા'માં પ્રગટ થઇ ગઇ છે. હવે તેઓ આપણી જ્ઞાતિની પરાપૂર્વ સમયની ઓશવાલ તરિકેની મૂળ ઓળખ કે જાતિના ઉદ્ભવ સંદર્ભે જે અનેકવિધ તર્ક-અનુમાન પ્રસારિત કે પ્રચલિત થયા છે તેને પણ પોતાની આગવી સંશોધાત્મક દૃષ્ટિથી અવલોકીને એક વિશેષ શ્રેણી આપી રહ્યા છે.)

કવિશ્રી મગનલાલ દલપતરાય ખખ્ખર તેમના 'જગડુ ચરિત્ર' નામનાં પુસ્તકમાં ઓસવાલો અંગે ઉલ્લેખ કરતા જણાવે છે કે ''કથા એવી છે કે શ્રીમાલીઓ અસલમાં મારવાડમાં ભીન્નમાલ કરીને શહેર હતું તેમાં રહેતા હતા તેને શ્રીમાલ કહે છે. શ્રીમાલનો રાજા દેશલ પોતાના શહેરનાં ગઢમાં જેની પાસે લાખોની પુંજી હોય તેને રહેવા દેતો. એક રૂઆડ નામના શ્રીમાલી વાણિયાને સાઆડ નામનો ભાઈ હતો. તેની પાસે લાખ નાણું ન હતું. તેને ગઢ બહાર રહેવાનો હુકમ થતાં તેણે પોતાના ભાઈ પાસે પૈસા માગ્યા પણ તે નહિ મળવાથી તે અને શ્રીમાલ રાજાનો નાઉમેદ થયેલ જયચંદ નામે કુંવર તથા બીજા રાજપૂતો અને બીજાઓ શ્રીમાલ છોડી મંડોવરમાં રહ્યા અને તેઓ ઓસ એટલે સીમ અથવા સરહદ ના આપ્યું.''

જે ત્યાં જઈ ચડ્યા તેમાં બીજાઓની સાથે શ્રીમાલી વાણિયા, ભટ્ટી, ચહુવાણ, ઘેલોટ, ગોડ, ગોહિલ, હાડા, જાદવ, મકરાણા, પરમાર, રાઠોડ અને થરાદરા રાજપૂતો હતા. એક જૈન ભિક્ષુક રત્નસૂરિએ અદ્ભૂત ચમત્કાર વડે તેઓના રાજા જયચંદને તેમજ એ રૈયતને અહીંસક ધર્મનો બોધ કરી પોતાના ધર્મ માર્ગમાં લીધા અને તેમને ઓશવાળનું નામ આપ્યું. એમ કહે છે કે આ બનાવ ઈ. સ. ૧૬૬ (સંવંત ૨૨૨)ના શ્રાવણ વદિ આઠમને દિને બન્યો.

મી. આર. ઈ. એન્થોવન જેમણે ''ટ્રાઈબ્ઝ એન્ડ કાસ્ટસ ઓફ બોમ્બે'' લખેલ છે તેના ત્રીજા વોલ્યુમમાં ઓસવાલોની ઉત્તપતિ અંગે બરાબર ઉપર જણાવ્યા મુજબનો જ ઉલ્લેખ છે. તેના ત્રીજા વોલ્યુમમાં ઓસવાલોની ઉત્તપતિ અંગે બરાબર ઉપર જણાવ્યા મુજબનો જ ઉલ્લેખ છે. બોમ્બે પ્રેસીડન્સી ગેઝેટ, વોલ્યુમ ૯, પાર્ટ-૧, પાના નં. ૯૬-૯૭ પર પણ આવોજ ઉલ્લેખ છે.

'શ્રીમાળી વંશનો ઈતિહાસ' નામના પુસ્તકના લેખક ગણિવર્યશ્રી વર્ધમાન સાગરજી મહારાજ સાહેબના મતે વીર સંવંત ૪૫માં પાર્શ્વનાથ પ્રભુના પંચમ પટ્ટધર આચાર્ય ભગવંત શ્રી સ્વયંપ્રભસૂરિએ શ્રીમાલ નગરમાં મહાજન સંઘની સ્થાપના કરી. ભીનીમાલમાં બે ભાઈઓ રહેતા હતા. બંનેમાં કૌટુંબિક કારણસર ઝગડો થયો. એક ભાઈ ઉપકેશપુર નગર જે હાલ ઓશિયાજીના નામે પ્રસિધ્ધ છે ત્યાં જઈ વસ્યો. અને મોટો ભાઈ આબુની તળેટીમાં ચંદ્રાવતી નગરી હતી ત્યાં જઈ વસ્યો. આચાર્ય સ્વયંપ્રભસૂરિશ્વરનાં શિષ્ય રત્નપ્રભસૂરીશ્વરજી વિચરતાં ઉપકેશપુર (ઓશિયા) પધાર્યા અને ત્યાંના રાજવી અને પ્રજાજનોને જૈનધર્મી બનાવી મહાજનવંશમાં ભેળવ્યા.

સાક્ષર શ્રી નારાણજી વસનજી ઠક્કરે 'મુલુંડની હિન્દુ વીર મહિલા અથવા રમણી રત્નદેવી' નામનું પુસ્તક લખ્યું જે આપણી જ્ઞાતિનાં શ્રીમતી રતનબેન વીરજી ગંગાજર મૈશેરી - બાંઢીયાનાં જીવન પર આધારિત છે. આ પુસ્તકમાં ઓસવાલોનો ઈતિહાસ આપતા લેખક જણાવે છે કે વીર સં. ૭૦માં આચાર્ય રત્નપ્રભસૂરીશ્વરજી ઉપકેશપુરમાં આવ્યા એ સમયનાં રાજા ઉપલદે પૈંવાર (પરમાર) રાજસભામાં બેઠેલા ત્યારે એક ભયંકર નાગદેવતાએ ત્યાં પ્રગટ થઈ. રાજા ઉપલેદના યુવરાજ મહીપાલને દંશ દીધો. યુવરાજ મુર્છિત થયો. આચાર્ય રત્નપ્રભસૂરિએ મંત્રવિદ્યાના બળે નાગદેવતાને બોલાવ્યો અને આ નાગદેવતાએ યુવરાજનાં શરીરમાંથી ઝેર ચુસી લેતા યુવરાજ જાગૃત થયો. રાજવી અને પ્રજાજનોને પ્રતિબોધી જૈની બનાવ્યા. છત્રીસ કુળના રાજવીઓએ જૈન ધર્મ સ્વીકાર્યો જેમના જુદાં જુદાં ૧૮ ગોત્રો આચાર્યે સ્થાપ્યા. રતનબેનની યાદ અપાવતી 'શ્રીમતી રતનબાઈ ગુજરાતી-મરાઠી બોયઝ-ગર્લસ સ્કુલ' મુલુંડમાં આજે પણ વિદ્યમાન છે.

પ્રાચીન યતિયોના શાસ્ત્ર ભંડારમાં, ભાટોની વંશાવલીએમાં અને જૈનાચાર્યોના જૈન ગ્રંથોમાં ઓસવાલ જાતિની ઉત્તપતિના બારામાં અનેક દંતકથાઓ, ક્વિંદન્તી અને અનેક કાવ્યો મળે છે. ભાટો, ભોજકો-સેવકોની વંશાવલીઓમાં ઓસવાલોની ઉત્તપતિ સંવંત ૨૨૨ (બીએ બાવીસે) બતાવવામાં આવી છે. સમયના ફેરફાર સિવાય મૂળકથા જૈનગ્રંથોમાં દર્શાવેલ છે તેવી જ જોવા મળે છે. ભાટ - ભોજકો પણ રાજા ઉપલદેવે ઓશિયા વસાવ્યું અને

રત્નપ્રભસૂરિએ એમને પ્રતિબોધી જૈન બનાવ્યા અને ઓશવાલ જાતિની સ્થાપના કરી એવું માને છે.

એશિયાટિક સોસાયટી, કલકત્તાના હસ્તલિખિત ગ્રંથ ભંડારમાં વિભિન્ન કવિઓ દ્વારા ઓસવાલોની ઉત્પતિ પર લખાયેલા અનેક ગુટકાઓ (કવિત) વિદ્યમાન છે. ''ઈતિહાસની અમરવેલ : ઓસવાલ'' પુસ્તકનાં લેખકે શ્રી માંગીલાલ ભૂતોડિયાએ અનેક કવિતો પોતાના પુસ્તકમાં પ્રકાશિત કરેલ છે. આવા ગુટકાની થોડી કડીઓ નીચે મુજબ છે જે ઓસવાલ ઉત્પતિ ઉપર પ્રકાશ નાખે છે.

શહેર વસે શ્રીમાલ ગાજ ચોવીસ ગરદ હૈ,
રાજ કરે પરમાર ઉઠ રાજા દેશલ દે તિહાં.
દેશલ પુત્ર દન્ના હોય, ઉપલ અણમાનીત આવીજે,
પટાઈજા પર ઘેલ હોય, શેર જુવાર ઉપલ ન દીજે.
દિવસ એક ઉપલને દેખને કુંવરને ઉહડ કહે, પુર સુરજ ક
કપડો ઉછેલ રાવત ઈણિવિધ ગોંઢ રહે. ..૧
સેહસ ઉચાલા સાથ, ઉપલ મંડોવર આયો,
મંડોવર રા ઘણી કરી, દેશ પુર મેહલ દીખાયો.
પંડીત જોશી પુછ, તુરત વસાઈ નવનેરી,
વેદ ઘર ખત્રીયા વાચીજે કરે સેવા શીવ કેરી.
શીવ રી રાહ જાણે શકો, નહી જાણે ધર્મ જૈન રો, શિષ્ય કહે
રત્નપ્રભસૂરિને કોઈક વિચાર ધર્મરો કરો. ...૨
વર્ધમાન જિન થકી પીઢી બારમી પદ લીધો,
શ્રી રત્નપ્રભસૂરિ નામ તા સદગુરે દીધો.
તેસું આઠ દશ વરસ નગર ઓશિયા આપે,
પ્રતિબોધી ચામુંડ નામ તે સાચલ થાયે.
ચાર લાખ ચોરાસી સહસ ધિર રાજપૂત પ્રતિ બોધિયા, શ્રી
રત્નપ્રભસૂરિ ઓશિયા થિર ઉસવાલ થાપીયા....૩
સાવણ પખ સિતાત સંવંત બીયે બાળીસે,
અરકવાર આઠમ ઉસવંશ હુઓ.
ઉપદેશ પ્રતિબોધ્યા પરમાર ઉપલ જિનધર્મ મેં આયો,
અથ મગો તસૈ, પાંચ બોલ સહિત બંધાયો.
મણ નવ જનોઉ બ્રાહ્મણાં અશંખ મેલી ઉતારિયા,
ભોજન જિમાઈ થાકા ભોજગ કર થીત આરંભ કીયા. ...૪

નાહરજીના કલકત્તા સ્થિત ગ્રંથાગાર, બીકાનેર, રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન, કેશરિયા નાથજી મંદિર ગ્રંથાગાર, બીકાનેર સ્થિત શ્રી અગરચંદ્રજી ભંવરલાલ નાહટાનાં ગ્રંથાલયમાં અનેક ગુટકા, છંદ તેમજ કવિત મળે છે. આવા કવિતોમાં ક્યાંક 'વર્ધમાન જિન થકી પાટ બાવને પદ લીયો' તો ક્યાંક 'વર્ધમાન જિન થકી પીઢી બારમી પદ લીયો' એવા ઉલ્લેખ મળે છે. તેવીજ રીતે ક્યાંક 'સંવત બીયે બાવીસ (સં. ૨૨૨)' તો ક્યાંક 'શ્રાવર પષ્ય સિતાત સંવંત એકૈ ઉગણીસે (સં. ૧૧૯)' એવો પણ ઉલ્લેખ આવે છે.

જુદા જુદા કવિતો, ગુટકા, છંદોમાં થોડો ફરક જોવા મળે છે પરંતુ મૂળ કથનાંક ઓશિયાની સ્થાપના કરી અને રત્નપ્રભસૂરિએ તેમને જૈન બનાવ્યા તે બાબતમાં સામ્ય છે.

રાજસ્થાનનાં વહીભાટોની વહીઓમાં ઓસવાલોના જુદા જુદા ગોત્રની વંશાવલીઓ નોંધેલી છે. આ ભાટ (વહીવંચા) વંશાવલીનું વાંચન કરતાં પહેલા પૃથ્વીની ઉત્પતિ અને ઓસવાલોની ઉત્પતિની કથા કહે છે. વહીઓમાં ઓસવાલોની કથા કંઈક આવી છે :

પરમાર વંશીય યુવરાજ ઉપલદેવ તેમનાં મિત્રો સાથે ફરવા નીકળ્યો. રસ્તામાં માટીનાં ઘડા ભરીને આવતી પનિહારીઓ મળી. રાજકુમારને મજાક સુઝી. માટીનાં ઘડા કાંકરી મારી ફોડી નાખ્યા. પનિહારીઓએ પોતાના ઘરે જઈ વડિલોને ફરિયાદ કરી. વડીલોએ નગર છોડવાનો વિચાર કર્યો. રાજવીને ખબર પડતા તેમને બોલાવી કુંવર હવે આવું નહી કરે તેવું આશ્વાસન આપ્યું તથા ધાતુનાં ઘડાઓ આપ્યો. રાજકુમારે અને તેનાં સાથીઓએ આવી મજાક બીજે દિવસે રાજપુરોહિતની કન્યા સાથે કરી. રાજ પુરોહિતે અન્યત્ર જવાનો વિચાર કર્યો. રાજવીને ખબર પડી. પુરોહિતની શિકાયત સાંભળી રાજકુમાર ઉપલદેવને દેશ નિકાલની સજા ૧૨ વરસની કરી. ઉપલદે તેનાં મિત્ર ઉહડ સાથે ચાલી નીકળ્યો. નવું નગર ઓશીયા વસાવ્યું. કેટલાક વરસે રત્નપ્રભસૂરિ આવ્યા તેમણે રાજકુમાર તથા જનતાને જૈની બનાવ્યા.

કોઈક ભાટ વહીવંચા ભાભીનાં મહેણાં થકી ઉહડમંત્રીને ખૂબ લાગી આવતા શ્રીમાલ છોડવાનો વિચાર રાજકુમાર ઉપલદેવ જે તેનો મિત્ર હતો તેને કહ્યો અને ઉપલદેવ પણ કૌટુંબીક ઝગડાઓથી નારાજ હોઈ શ્રીમાલ છોડવા તૈયાર થયો અને બન્ને મિત્રોએ ઓશિયા વસાવ્યું જ્યાં શ્રીમાલથી અનેક લોકો આવી વસ્યા. આવી જુદી જુદી કથાઓ જોવા મળે છે. **– ક્રમશઃ**


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.** સોમવાર બંધ

## સમસ્ત મહાજન ૨૦૧૮ ના બંધારણમાં જરૂરી સુધારો - **ઉદયન શાહ,** સભ્ય, તંત્રીમંડળ

તા. ૨૩-૧૨ થી ૨૫-૯-૨૦૧૮ સુધી યોજાયેલ સમસ્ત મહાજન સંમેલનની પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી હતી. આ પુસ્તિકાના પાના નં. ૫ (પાંચ) થી ૧૪માં ''સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન બંધારણ'' નોંધવામાં આવ્યું છે. આ બંધારણ ૧૯ કલમો અને બે પરિશિષ્ટનું બનાવેલ છે. આમાં કલમ (૩) (૪)માં સ.મ.નું સભ્યપદ કેવી રીતે મેળવી શકાશે એ બાબતનો ખુલાસો કરવામાં આવ્યો છે.

કલમ નં. ૧૯ માં વિવાદ ઊભો થઇ શકે છે જે નીચે પ્રમાણે છે.

''કલમ નં. (૧૯) મહાસમિતિ તથા સમસ્ત મહાજનના બોર્ડે પસાર કરેલ ઠરાવનો અમલ કરવાની સામાજિક અને આર્થિક જવાબદારી દરેક મહાજનની રહેશે અને તે મુજબની પોતાની કાર્યવાહીની સમસ્ત મહાજનને જાણ કરવાની રહેશે.''

સમસ્ત મહાજને પાસ કરેલા ખરડાઓ સ્થાનિક મહાજને કઇ પ્રક્રિયા દ્વારા પોતાના મહાજનમાં અપનાવી આ ખરડાઓને બહાલી આપી શકે અને લાગુ કરી શકે ? એમ જણાય છે કે દરેક મહાજને પોતાના બંધારણ પ્રમાણે આ ખરડાઓને બહાલી આપતો ઠરાવ પાસ કરી એને મિનિટ્સ બુક (નોંધ વહી)માં લખીને બહાલી આપવી પડશે. આને માટે દરેક મહાજને પોતાના સભ્યો પાસેથી બહાલી લેવી પડશે.

ઉપરોક્ત બાબતે સમસ્ત મહાજનના બંધારણમાં કોઇપણ ખુલાસો નથી.

એક વાતની સ્પષ્ટતા કરવી ઘટે કે સમસ્ત મહાજનમાં સભ્ય થવાથી અને મહાસમિતિમાં દરેક મહાજનના બે પ્રતિનિધી આમેજ કરવાવી સમસ્ત મહાજનના ખરડાઓને ફરજીયાત બહાલી મળી જાય એ વાત યોગ્ય નથી. આતો સ્થાનિય મહાજનની વ્યવસ્થા અને વહીવટ ખુંચવી લેવા જેવું અથવા તેમની સ્વતંત્રતા ઉપર તરાપ મારવા જેવું થાય.

આ લખનારે આ બાબત ઉપર સંમેલનમાં પ્રશ્નો પુછયા હતા.

અહીયા મુખ્ય મુદો એ છે ''શું સમસ્ત મહાજન એક હથ્થુ સત્તા બધાજ મહાજનો ઉપર ભોગવશે?'' આપણે માની લઇએ કે હમણા અને થોડા વર્ષો સુધી લાયક માણસો સમસ્ત મહાજનમાં સેવા આપી જ્ઞાતિનો ઉધ્ધાર કરશે પણ જ્યારે કોઇક ''તાનાશાહ'' પોતાના મળતિયાઓ સાથે યેનકેન પ્રકારેણ સત્તા મેળવી અને આ બંધારણ મુજબ બીજા મહાજનો ઉપર જોહુકમી કરશે ત્યારે શું ?

એક વાતની ખાસ નોંધ લેવી ઘટે આપણા ૧૧૦ જેટલા મહાજનો અને ઘણી બધી સંસ્થાઓનું અસ્તિત્વ સો વર્ષથી પણ વધારે છે અને તેમણે યથાશક્તિ પ્રમાણે જ્ઞાતિનો ઉધ્ધાર અને સેવા કરી છે અને કરતા રહેશે એમાં કોઇ બે મત નથી. સમસ્ત મહાજને આ બાબતને લગતો ફેરફાર બંધારણમાં કરવો જરૂરી છે.

---

## ડોંબિવલીમાં કે.ડી.ઓ. કોમ્યુનીટી કીચનની તાતી જરૂરિયાત




કપરી મોંઘવારીના આ જમાનામાં કુટુંબના અર્થતંત્રને પહોંચી વળવા સામાન્ય વર્ગના પરિવારમાં પતિ પત્નીએ બન્નેએ ભારે સંઘર્ષ કરવો પડે છે, ત્યારે માંડ આવક જાવકના બન્ને છેડા મેળવી શકે છે.

આજની જીવન શૈલીમાં બન્નેએ પેટીયું રળવા ઘરની બહાર દોટ મુકવી પડે છે. ઉપરાંત પત્નીએ બાળકને સાચવવાની સમસ્યા, વડીલોની દેખભાળ કરવી વિગેરે જેવી જવાબદારી પણ નિભાવવી જ પડે.

આજે મુંબઇની પાસે આવેલા ડોંબિવલી અને આસપાસના વિસ્તારોમાં આપણી જ્ઞાતિના મધ્યમ વર્ગના અંદાજે ૫૦૦૦ થી ૬૦૦૦ લોકો રહે છે, જેમાં ૧૫૦૦ જેટલી તો ગૃહીણી હશે. એક તો લોનથી ખરીદાયેલા રહેણાંકમાં નિયમિત ધોરણે ચુકવાતા હપ્તામાંથી બહાર આવ્યા ના હોય ત્યાં બચતનો વિચાર જ ક્યાંથી ઉદ્‌ભવે ? તે સિવાય પોતાના સ્વાસ્થ્ય તરફ પણ તેઓ પુરતું લક્ષ્ય આપી શકતા નથી.

આવા સંજોગોમાં તે ગૃહિણી ચિંતામુક્ત રહી પોતાના કુટુંબમાં, વ્યવસાયમાં અને નોકરીમાં પુરતું ન્યાય આપી શકે તે હેતુથી તેને કિચનની જવાબદારીમાંથી થોડી નિરાંતની પળો મળી શકે તે માટે કોમ્યુનીટી કિચનની તાતી જરૂરીયાત છે. ઉપરાંત મોટી ઉંમરે પહોંચેલા વડીલો, એકલા અટુલા રહેતા લોકો પણ સાત્વિક ભોજન સાથે આ વ્યવસ્થાનો લાભ લઇ શકે.

આપણી જ્ઞાતિના શ્રેષ્ઠીઓ તેની કૉમ્યુનિટી કિચનના નિર્માણમાં નિમિત્ત બને તો સામાન્ય વર્ગ માટે એક આશીર્વાદ સમું કામ બની શકે.

- **કુલીનકાંત લુઠીયા,** સામાજીક કાર્યકર

# SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

**RECEIVED FROM** **2015/16/17/18.**

**SHRI ANANTNATHJI MAHARAJ JAIN TEMPLE TRUST & ITS SDADHARAN FUND. [*]**

**CREDIT/RECEIVED AMOUNT** **2015/16.** **TRUST A/C**

| | | | |
|---|---|---|---|
| **368808** | | OPENING BALANCE IN INDIAN BANK MANDVI BR. & PUNJAB NATIONAL BANK ON 01/04/2015. | |
| **900000** [*] | | AS PER OUR MEDICAL EXPENCES STATEMENTS. 2015/16. | |
| **100000** | | **MADURIBEN MULCHAND LODAYA** | |
| | | **BALANCE IN INDIAN BANK** | **55068** |
| | | **DEBIT/EXPENCES AMOUNT** **BALANCE IN PUNJAB NATIONAL BANK** | **313740** |
| | **100000** | **ONE FDR MADE IN PNB.** | **368808** |
| | **401302** | **PRIMIUM OF INDIAN BANK P.N.B. RENAWAL & NEW POLICY** | |
| | **163633** | **EXPENCE /SALARY/ADVT/AUDITING/STATIONERY & PRITING/PETTY CASH ETC.** | |
| | **717704** | **MEDICAL SAHAYATA/BY PASS OPERATIONS & HOSPITAL A/C/REGULAR MEDICINE .** | |
| | **101726** | **EXPENCES OF THREE MEDICAL CAMPS.** | |
| | **1484365** | **TOTAL** | |

**2016/17.** **TRUST A/C**

| | | |
|---|---|---|
| **5000000** [*] | | AS PER OUR MEDICAL EXPENCES STATEMENTS. 2016/17. |
| **391000** | | **RECEIVED DONETION FROM VARIOUS DONERS AS PER STATEMENTS. 2016/17.** |
| | | **DEBIT/EXPENCES AMOUNT** |
| | **3500000** | **THIRTY FIVE FDR MADE IN PNB.** |
| | **352938** | **PRIMIUM OF INDIAN BANK P.N.B. RENAWAL & NEW POLICY** |
| | **245950** | **EXPENCE /SALARY/ADVT/AUDITING/STATIONERY & PRITING/PETTY CASH ETC.** |
| | **935675** | **MEDICAL SAHAYATA/BY PASS OPERATIONS & HOSPITAL A/C/REGULAR MEDICINE .** |
| | **73179** | **EXPENCES OF THREE MEDICAL CAMPS.** |
| | **40000** | **MEDICAL LOAN GIVEN TO JAYESH MANILAL SHAH[MOTA] LAKHANIYA /VASAI.** |
| | **150000** | **MEDICAL LOAN GIVEN TO MEETABEN BHAVESH SHAH [NAGDA] NALIYA /GOREGAON.** |
| **10000** | | **MEDICAL LOAN REPAYMENT RECIVD FROM JAYESH MANILAL SHAH[MOTA] LAKHANIYA /VASAI. FIVE CHEQUES EACH RS. 2000/- X 5=** |
| | **5297742** | **TOTAL** |

**2017/18.** **TRUST A/C**

| | | |
|---|---|---|
| **1000000** [*] | | AS PER OUR MEDICAL EXPENCES STATEMENTS. 2017/18. |
| **855000** | | **RECEIVED DONETION FROM VARIOUS DONARS [LAKHANIYA PARIWAR] IN 2017/18.** |
| | | **DEBIT/EXPENCES AMOUNT** |
| **1830255** | | **RECEIVED PREMATURE FDR AMOUNT IN PNB. WITH INTEREST. 18 FDRS.** |
| | **800000** | **EIGHT FDR MADE IN PNB.** |
| | **326891** | **PRIMIUM OF INDIAN BANK P.N.B. RENAWAL & NEW POLICY** |
| | **308933** | **EXPENCE /SALARY/ADVT/AUDITING/STATIONERY & PRITING/PETTY CASH ETC.** |
| | **836550** | **MEDICAL SAHAYATA/BY PASS OPERATIONS & HOSPITAL A/C/REGULAR MEDICINE .** |
| | **27352** | **EXPENCES OF THREE MEDICAL CAMPS.** |
| | **17166** | **EXPENCES OF CATARACT OPERATION MEDICAL CAMPUS.** |
| **22000** | | **MEDICAL LOAN REPAYMENT RECIVD FROM JAYESH MANILAL SHAH[MOTA] LAKHANIYA /VASAI. ELEVEN CHEQUES EACH RS. 2000/- X11=ELEVEN CHEQUES EACH RS. 5000/- X11=** |
| **55000** | | **MEDICAL LOAN REPAYMENT RECIVD FROM MEETABEN BHAVESH SHAH [NAGDA] NALIYA /GOREGAON.** |
| | **1000000** | **DONATION GIVEN OF MULUND LAB.ON A/C.IN YEAR 2017/18.** |
| | **240000** | **DONATION /EXPENCES OF MULUND LAB IN YEAR 2017/18.** |
| | **3556892** | **TOTAL** |

| | | |
|---|---|---|
| | | DEBIT/EXPENCES AMOUNT — **2018 NOV.** — **TRUST A/C** |
| 1905801 | | RECEIVED PREMATURE FDR AMOUNT IN PNB. WITH INTEREST. 17 FDRS. |
| 691642 | | RECEIVED FROM LAB A/C S.B.I. TO PNBANK AGAINST RENT & OTHER EXPENCES. |
| 11000 | | RECEIVED DONETION FROM VARIOUS DONARS [LODAYA PARIWAR] IN 2018/19. |
| 15000 | | RECEIVED DONETION FROM VARIOUS DONARS [LODAYA MOTA PARIWAR] IN 2018/19. |
| | 267604 | PRIMIUM OF INDIAN BANK P.N.B. RENAWAL & NEW POLICY |
| | 174000 | SALARY UPTO NOV-2018 OFFICE EXPENCES. |
| | 520572 | MEDICAL SAHAYATA/BY PASS OPERATIONS OR HOSPITAL A/C/REGULAR MEDICINE . |
| 8000 | | MEDICAL LOAN REPAYMENT RECIVD FROM JAYESH MANILAL SHAH[MOTA] LAKHANIYA /VASAI. |
| | | [4] CHEQUES EACH RS. 2000/- X4= [9] CHEQUES EACH RS. 5000/- X9= |
| 45000 | | MEDICAL LOAN REPAYMENT RECIVD FROM MEETABEN BHAVESH SHAH [NAGDA] NALIYA /GOREGAON. |
| | 625980 | DONATION GIVEN OF MULUND LAB.ON A/C.IN YEAR 18.NOV. |
| | 94154 | EXPENCESALARY/ADVT/AUDITING/STATIONERY & PRITING/PETTY CASH ETC. |
| | 1682310 | TOTAL |
| 13208506 | | TOTAL |

| | | |
|---|---|---|
| 9 | NINE FDR BALANCE IN P.N.B. (MATURITY AMOUNT) | 1044827 |
| | BALANCE IN INDIAN BANK | 71948 {1} |
| | BALANCE IN PUNJAB NATIONAL BANK | 215249 {2} |
| | | 287197 {1&2} |

| | | | |
|---|---|---|---|
| | 1484365 | EXP-15-16 | {1} |
| + | 5297742 | EXP-16-17 | {2} |
| + | 3556892 | EXP-17-18 | {3} |
| + | 1682310 | EXP-18-NOV. | {4} |
| {1,2,3,&4 } | 12021309 | TOTAL OF 44 MONTHS EXPENCES. | |
| + | 900000 | BALANCE OF 9 NINE FDR IN P.N.B. | |
| + | 287197 | BALANCE IN INDIAN BANK & PUNJAB NATIONAL BANK | |
| | 13208506 | TOTAL | |

## ANANT PETHOLOGY LAB MULUND A/C.

CREDIT/RECEIVED AMOUNT — **2017/2018**

| | | |
|---|---|---|
| 1000000 | | DONATION FROM SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST 2017/18 |
| 240000 | | DONATION FROM SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST 2017/18 |
| 1494395 | | CASH COLLETION AMOUNT |
| | | DEBIT/EXPENCES AMOUNT |
| | 574023 | ANANTPETHOLOGY LAB EXPENCES. |
| | 1015682 | DR SUJEET FEES 2017/18. |
| | 47981 | METROPOLICE BILL PAYMENT. — **LAB. A/C.** |
| | 145026 | ANANT PETHOLOGY LAB EXPENCES AT OPENING TIME. |
| | 220 | T.D.S. [C.D.O.P.S. ADVT] |
| | 308400 | RENT PAYMENT TO HASMIT D. LADHANI & HETIKA D LADHANI. |
| | 383242 | FURNITURE & SANITARY / PURCHASE EQUIPMENTS |
| | 2474574 | |

**2018-APR-NOV.**

| | | |
|---|---|---|
| 625980 | | DONATION FROM TRUST 2017/18 |
| 1953088 | | CASH COLLETION AMOUNT |
| | | DEBIT/EXPENCES AMOUNT |
| | 126000 | BONUS & SALARY OF ANANT PETHOLOGY LAB MULUND. — **LAB.A/C.** |
| | 347848 | MACHINARY & EQUIPMENTS |
| | 1263568 | DR SUJEET FEES. |
| | 161967 | METROPOLICE BILL PAYMENT. |
| | 12432 | MISELLIONS EXPENCES. |
| | 282644 | T.D.S. PAYMENT TO BANK [H.D.LADHANI-RENT/DR SUJEET/METROPOLICE/A/C ETC. |
| | 389888 | RENT PAYMENT TO HASMIT D. LADHANI & HETIKA D LADHANI. |
| | 2584347 | |

| | | | |
|---|---|---|---|
| | 2474574 | EXP-17-18 | {1} |
| + | 2584347 | EXP-18-NOV. | {2} |
| {1&2} | 5058921 | TOTAL OF 44 MONTHS EXPENCES. | |
| + | 254542 | BALANCE IN STATE BANK OF INDIA. | |
| 5313463 TOTAL FUND | 5313463 | TOTAL | |



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

## -: આબુ અંબાજી યાત્રા પ્રવાસ :-

**કન્યા છાત્રાલયની દિકરીઓ માટે હરવર્ષની જેમ આ વર્ષે પણ યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનનો સંપુર્ણ લાભ**

**માતુશ્રી લલીતાબેન કેશવજી કાનજી ધરમશી પરિવાર ગામ રંગપુર હાલ મુલુંડ**

**પૌત્રી ચી. પલક ના શુભ લગ્ન ની ખુશાલી માં પરિવારે દીકરીઓને પણ સામેલ કરતા આ લાભ લીધાલે છે.**

પરિવાર ના પંકજભાઇ આ સંસ્થા ના ટ્રસ્ટી છે અને સંસ્થા ને હમેશા તન મન ધન થી સાથ સહકાર આપતા રહે છે, વહાલી દીકરી પલક ના લગ્ન પ્રસંગે મારી છાત્રાલય દીકરીઓને પણ લગ્ન પ્રસંગે સામેલ કરવાની ભાવના હતી પણ સંજોગોવસાત એ શક્ય ના હોવાથી દીકરીઓ ઉજવણી માં બાકી ન રહે એ ભાવના સાથે આ યાત્રા પ્રવાસનો લાભ લીધેલ છે, દીકરી ના લગ્ન પ્રસંગે આયોજિત સંગીત માં જમા થયેલ ઘોર ની સંપૂર્ણ રકમ દીકરીઓ માટે સંસ્થા માં જમા કરાવેલ છે અને આ રીતે એક નવી શરૂઆત કરેલ છે.

**શ્રી પંકજભાઇ અને એમના પરિવાર નો ખુબ ખુબ આભાર સહ અનુમોદના...**

**યાત્રા પ્રવાસ સ્થળ : માંઊન્ટ આબુ, અંબાજી, દેલવાડા તેમજ અન્ય સ્થળો**

**● યાત્રા પ્રવાસ દિવસ - ગુરૂવાર, તા. ૧૭ જાન્યુઆરી થી રવિવાર, તા. ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ ●**





5th
Anniversary Offer
25/26/27 Jan.

91.60 હોલમાર્કના દાગીનાની
ઘડામણી પર
100%



સુધી છૂટ

આપના શુભ પ્રસંગો માટે સ્પેશ્યલ ડિઝાઇન સાથેના
જોતા જ ગમી જાય તેવા દાગીનાનું વિશ્વસનીય સ્થળ

રાજેશ સાવલા ૯૮૨૦૭ ૭૩૫૮૨
ધવલ સાવલા ૯૬૬૪૬ ૬૭૭૭૯

Riddhi Siddhi
Gold

૭, એકનાથ એપા., એમ. જી. રોડ, કીર્તીમહલ હૉટેલની સામે, મુલુંડ (વે)
ફોન : ૨૫૬૧ ૭૭૯૯, ૨૫૬૨ ૭૭૯૯






**રચયિતા: જયકાંત મોતા**

ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨


## ધર્મ સંદેશ - ૧૩૩

**ઊભી ચાવીઓ -**

[૧] પાલીતાણા પાસે આવેલ આદેશ્વર નું એક તીર્થ (૫); [૨] આ ગામના દરેક ઘરમાંથી એક જણે દીક્ષા લીધી છે (૩); [૪] ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બિરાજો પ્રભુ મારા — (૩); [૭] આ રંગના પાત્રા અચલગચ્છના સાધુ-સાધ્વીઓના હોય છે (૨); [૮] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૨); [૯] ગુજરાત માં આવેલ પાર્શ્વનાથ નું તીર્થ (૩); [૧૧] કચ્છ નું એક તીર્થ (૪); [૧૨] ૧૦૮ માંના એક (૨); [૧૩] જગ ચિંતામણી —ના રચયિતા ગૌતમ સ્વામી હતા (૨);

[૧૪] ઓલી ચંદનબાળા ને — (૩);
[૧૫] નરક — છે (૨); [૧૬] શાંતિનાથ નું એક તીર્થ (૩);
[૧૭] દેવો — પ્રકારના છે (૨); [૧૯] મહારાષ્ટ્ર નું એક તીર્થ (૪); [૨૦] આ આંગળીથી પ્રભુની પૂજા થાય (૪);
[૨૧] —ને જીવન નું ધ્યેય બનાવો (૨); [૨૩] પ્રભુ (૨);
[૨૪] તન, મન, — પ્રભુના ચરણોમાં (૨);
[૨૫] ગુરૂના વંદન ને નિત્ય — બનાવો (૨)

**આડી ચાવીઓ -**

[૧] આ યક્ષ શત્રુંજય તીર્થના રક્ષક છે (૩); [૩] વિમલનાથ નું તીર્થ (૪); [૫] એક અંધારીયો પક્ષ (૨); [૬] શત્રુંજય નું એક નામ (૫); [૯] પ્રભુને જેમાં પધરાવવા માં આવે (૩);
[૧૦] કેસરીયાજી માં બિરાજમાન (૫); [૧૪] પર્યુષણના છેલ્લા દિવસે વંચાય (૫); [૧૬] વીસ વિહારમાન માંના એક (૩);
[૧૭] દેવ એ — માંની એક ગતિ (૨); [૧૮] ગુજરાત નું એક તીર્થ (૩); [૧૯] આ દેવ કમઠની ધુણીમાંથી બળતા મૃત્યુ પામીને નાગ થયો (૪); [૨૧] — એ મોક્ષનો માર્ગ છે (૨);
[૨૨] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩); [૨૪] એક તપ (૪);
[૨૬] આદીનાથ નો — પુત્ર હતા (૧); [૨૭] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩); [૨૮] ઘણા જણાંનો રોજ પૂજા કરવાનો — હોય છે (૨); [૨૯] કલીકુંડ તીર્થ અહીં આવેલ છે (૩)

(ઉકેલ અન્યત્ર)

---



## કચ્છી કસબ - ૧૩૩

**ઊભી ચાવીઓ -**

[૧] કદરૂપી સ્ત્રી (ugly lady) (૪);
[૨] પ્રભાવના (gift) (૨); [૩] હાથીદાંતનો ચુડલો (tusk bangle) (૪); [૪] સંદેશો (message) (૩); [૫] પત્થરો (stones) (૩); [૮] છોકરાનો છોકરો (son's son) (૨);
[૧૦] સાડી (saree) (૨); [૧૧] આગળનું પાછળનું (before & after) (૬); [૧૨] કીડીઓ (ants) (૪);
[૧૩] વાંક (fault) (૨); [૧૪] કહેજે (says) (૨);

[૧૫] તોડવું (to break) (૨); [૧૬] નકલ કરવી (to mock) (૨); [૧૮] હસ્ત મેળાપ કરવાની જગ્યા (place where rituals taken before marriage) (૩); [૧૯] દિવાલમાં ગાબડા (holes in wall) (૩); [૨૧] મૂછ (moustache) (૨);
[૨૨] જાણકાર (expert knowledgable) (૩); [૨૩] વરદી (order) (૩); [૨૪] અનાજ ભરવાની માટીની કોઠી (earthen jar) (૩); [૨૫] આપો (give) (૧); [૨૬] ઉભારો (stop) (૨);
[૨૭] આંધળો (blind) (૨); [૨૮] દબાયેલું (pressured) (૨)

**આડી ચાવીઓ -**

[૧] ગંદકી (dirt) (૪); [૩] મસ્તીખોર (naughty) (૩);
[૫] ભેંસનું બચ્ચુ (buffalo's kid) (૨); [૬] કોણ (who) (૨);
[૭] ઉપાડવું (have you lifted) (૨); [૯] જડતી લેવી (questioning) (૩); [૧૧] આટલું (this much) (૨);
[૧૩] વાંક (fault) (૨); [૧૫] ફાંફા (looking here and their) (૨);
[૧૬] લાડલો (pampered man) (૩); [૧૭] જીંદગી (life) (૨);
[૨૦] પહોંચેલા માણસ (shrewed man) (૨); [૨૧] મુઠ્ઠી (fist) (૨);
[૨૨] ઘણું બધું (too many) (૨); [૨૩] છોકરીને સાસરે મોકલવી (send girl to her in-laws house after marriage) (૩);
[૨૪] પાછળનો (last) (૩); [૨૬] ઉપાડવું (to lift) (૨);
[૨૭] ગરોળી (lizard) (૪); [૨૯] આપું (shall give) (૨);
[૩૦] જસે (entered) (૨)

(ઉકેલ અન્યત્ર)

## શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

### માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર

શ્રી આદિનાથદાદા જિનાલયની **૧૪ મી** વર્ષગાંઠ ધ્વજારોહણ મહોત્સવ

સંવત ૨૦૭૫ ના મહા વદ ૧૪ **સોમવાર તા. ૪/૩/૨૦૧૯** ના રોજ છે.

આ ધ્વજારોહણ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ ના પ્રપૌત્ર

અ. સૌ હેમલતા મહેન્દ્ર દંડ ના પૌત્ર

**ચિ. પ્રથમેશ** તથા **ચિ. પ્રથમ** છાયા-પીયુષ દંડ દ્વારા કરવામાં આવશે.

તો આ પ્રસંગે સર્વે ગામ વાસીઓ,

બહેનો-દીકરીઓ તેમજ જ્ઞાતીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

લી. શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ વતી

માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર

---

## ૪૦૦ વર્ષથી અધિક પ્રાચીન શ્રી મોડપર તીર્થના પાંચમી ધ્વજારોહણ સાલગિરી પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

### ધ્વજારોહણ - વર્ષગાંઠનો કાર્યક્રમ

**સંવત ૨૦૭૫, જેઠ સુદ ૭, રવિવાર, તા. ૯ જુન, ૨૦૧૯ અને**

**સંવત ૨૦૭૫, જેઠ સુદ ૮, સોમવાર તા. ૧૦ જુન, ૨૦૧૯**

### મહોત્સવની ધ્વજાના લાભાર્થી પરિવારજનો

૧) તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની મુખ્ય ધ્વજાઃ
માતુશ્રી શાંતાબેન કીલાચંદ નાગડા પરિવાર, રંગપુર - બોરીવલી
હ. ગૌતમ જીવરાજ નાગડા તથા જૈનમ નીતિન નાગડા

૨) ૯૯ ઇંચના વિરાટ શ્રી કેસરીયાજી આદિનાથ જિનાલયની ધ્વજાઃ
માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર સેવક ભરૂડીયા - મુલુંડ
હસ્તે કુ. પ્રિયાંક, પ્રિયંકા નિખીલ વનરાજ ધુલ્લા તથા કુ. અકીરા ખુશ્બુ ચિરાગ વનરાજ ધુલ્લા

૩) મોડપર તીર્થ સ્થાપક દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી મ. સા. ગુરૂમંદીર ધ્વજાઃ
અ. સૌ. નીતા ચંદ્રેશ જેતશી સીયાલ (દલતુંગી - મુલુંડ) અ. સૌ નમ્રતા અજય જેઠાલાલ ખોના (રંગપૂર - મલાડ)

**વિધિ-વિધાન સંગીત : શ્રી જય નંદુ એન્ડ પાર્ટી મુંબઇ થી પધારશે.**

**સાધર્મિક ભક્તિઃ** બે દિવસની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખેલ છે, દાતા આવકાર્ય.

આ શુભ પ્રસંગે ક. દ. ઓ. જૈન જ્ઞાતિના સર્વે ભાઇ બહેનો તેમજ અન્ય જ્ઞાતિના શ્રાવક - શ્રાવિકાઓને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

લિ. આપના આગમનના અભિલાષી

શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ના સર્વે ટ્રસ્ટીગણ તથા કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર વાંચશો.

## જ્ઞાતિનું ચતુર્થ સંમેલન




જેની ઘણા સમયથી રાહ જોવાની હતી તે જ્ઞાતિ સંમેલન ૨૭ વર્ષ પછી ગયા સપ્તાહમાં આપણા માદરે વતનમાં યોજાયું.

આ અંગે ઘણા વાદ-વિવાદ અને મંતવ્યો થયા, જેમાં દુષ્કાળની પરિસ્થિતિ અને રૂા. ૨ કરોડના વૈભવી ખર્ચના મુદ્દાઓ મહત્વના હતા.

હવે જ્યારે સંમેલન યોજાઇ ગયું છે ત્યારે તે કચ્છમાં શા માટે યોજાયું કે શા માટે આટલો ખર્ચ થયો વગેર મુદ્દાઓ હવે ભૂલી જવા જોઇએ અને આશા રાખીએ કે આ સંમેલન આપણા ભવ્ય ભૂતકાળને અનુલક્ષીને ઉજ્જ્વળ ભવિષ્ય તરફ ગતિમાન થવા ઉપયોગી થશે જ.

લગભગ એક સદી પહેલા આપણી જ્ઞાતિના અગ્રણીઓએ પોતાનો સાહસિક વ્યાપારી અભિગમ અને ઉત્તમ શાણપણને લીધે જ્ઞાતિમાં સખાવતી દ્રષ્ટિથી ઘણા ઉમદા કાર્યો કર્યા, જેનો મુખ્ય ઉદ્દેશ હતો, આપણા સૌ કુટુંબો આર્થિક અને સામાજીક રીતે ઉપર આવે અને તેમનો વિકાસ થાય.

સદ્‌નસિબે આજે પણ આપણી પાસે આવા ચૂનંદા અગ્રણીઓ અને દાનવીરો મોજૂદ છે, જેમના માર્ગદર્શનથી આપણે પ્રગતિના પંથમાં આગળ વધી શકીશું.

એક વખત આપણે ક.દ.ઓ. અને ભાટિયાઓ જ્ઞાતિના ઉત્કર્ષ માટે ગૌરવ પૂર્ણ ઉદાહરણો બન્યા હતા. ક.વિ.ઓ. જ્ઞાતિ પણ આપણી જ્ઞાતિની સામાજીક પ્રગતિમાંથી પ્રેરણા મેળવવા દ્રષ્ટિપાત કરતી હતી તે જ્ઞાતિએ હવે આપણી જ્ઞાતિ કરતા અનેક ક્ષેત્રોમાં વધારે આગળ નીકળી ગઇ છે. આપણે તેમની સફળતા અને સકારાત્મક દ્રષ્ટિકોણની પ્રશંસા કરીને આપણા ભવ્ય ભૂતકાળને પાછો ઉજાગર કરીએ તે જરૂરી છે.

આપણા પ્રતાપી પૂર્વજોને નતઃમસ્તકે વંદન કરીએ કે આજે આપણ ૩૦૦૦૦ની વસ્તી શત પ્રતિશત શિક્ષીત છે અને આપણ નવયુવાનોએ શૈક્ષણિક ક્ષેત્રમાં ઘણા ઉચ્ચ ક્ષેત્રોમાં ઉપલબ્ધીઓ મેળવી છે. આ દ્રષ્ટિએ આપણે વિશા જ્ઞાતિથી શા માટે પાછળ રહી ગયા છીએ અને કેમ આપણે પણ તેમની જેમ ધંધા-વ્યવસાયમાં ઉજ્જ્વળ ભવિષ્ય તરફ પ્રગતિ ન કરી શકીએ ? તે ચિંતન કરવા કેટલાક મુદ્દાઓ રજુ કરૂં છું.

૧) આપણે એકબીજાની સામે સંઘર્ષ કરવાને બદલે સહકાર્યની ભાવના અપનાવવી જોઇએ. એ માટે આપણી સામાજીક આદાન-પ્રદાનની માત્રા વધારવી જોઇએ. આપણા કિશોરો અને યુવાનો માટે રમત ગમત અને ખેલકુદના આયોજનો તેમજ કુશળતા ચાતુર્ય વિકસે તેવા કાર્યક્રમો કરવા જોઇએ.

૨) જ્ઞાતિના અગ્રણીઓ અને વડીલોએ હજી વધારે સમય ફાળવવો જોઇએ.

૩) જ્ઞાતિ સંમેલનમાં ઘણા ઠરાવો પાસ થયા છે અને આશા રાખીએ કે તેમનો અમલ થશે તે માટે આપણે નવું સુત્ર *"P.I.E."* એટલે કે ''પ્લાન ઇમ્પલીમેન્ટ અને ઇવેલ્યુએટ'' જેને લીધે આપણે દરેક દિશામાં સફળતા મેળવી શકીશું.

૪) આપણી વસ્તીમાં થતો ઉત્તરોત્તર ઘટાડો તે ઊંડી ચિંતાનો વિષય છે. આ માટે પારસી જ્ઞાતિએ જે પગલા લીધા છે તેમનું આપણે અનુકરણ ન કરી શકીએ ?

**– ધર્મેન્દ્ર રતિલાલ નાગડા,** માટુંગા


શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ

**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, સુથરી**

સુથરી - કચ્છ, તા. અબડાસા (ગુજરાત) - ૩૭૦ ૪૯૦.

ફોન : (૦૨૮૩૧) ૨૮૪ ૨૨૩

**આગોતરૂ આમંત્રણ**

**આપણા સુથરી મહાતીર્થ ની ૧૮૦ મી વર્ષગાંઠ ધ્વજા મહોત્સવ**

**મહોત્સવ ની રૂપરેખા**

વૈશાખ સુદ ૫ ગુરૂવાર, તા. ૯/૫/૨૦૧૯ **શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા**

વૈશાખ સુદ ૬ શુક્રવાર, તા. ૧૦/૫/૨૦૧૯ **૧૮ અભિષેક પૂજન**

વૈશાખ સુદ ૭ શનિવાર, તા. ૧૧/૫/૨૦૧૯ **સત્તરભેદી પૂજા તથા શ્રી ઘૃતકલ્લોલ દાદાની ધ્વજા રોહણ**

**શ્રી ભલારાદાદા ધ્વજા મહોત્સવ**

આ સાથે મૂળ સ્થાનક સોનથરીના શ્રી ભલારાદાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાના મંદિરની ધ્વજા મહોત્સવ વૈશાખ સુદ ૬ તા. ૧૦.૫.૨૦૧૯ ને શુક્રવાર થી વૈશાખ સુદ ૮ તા. ૧૨/૫/૨૦૧૯ રવિવાર ના ઉજવવામા આવશે.

વૈશાખ સુદ ૮ રવિવાર, તા. ૧૨/૫/૨૦૧૯ શ્રી ભલારાદાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાની ધ્વજા રોહણ

આ બને શુભ પ્રસંગે ભેગા મળી મહાલવાનો અવસર છે. સાજન, માજન, સ્નેહી, સ્વજન, નિયાણી પરિવાર ને પધારવા **ભાવભર્યું આમંત્રણ** છે.

**કચ્છ જવા આવવાની સ્લીપર કલાસની ટ્રેન ટીકીટના દાતા :**

**માતુશ્રી લક્ષ્મીબાઈ શાંતીલાલ કુંવરજી ધરમશી પરિવાર** - સુથરી

(દેવેન - અરિહંત કાર્સ).

શ્રી સુથરી તીર્થ ખાતે આગમન થયેથી ટીકીટની ઝેરોક્ષ કોપીની સામે રકમ આપને ચુકવી આપવામાં આવશે. આપના આગમનની જાણ કરશોજી.

|| કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || શ્રી ક્ષેત્રપાળ દાદાય નમઃ ||

# કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી ભાવિક સંઘ (વાંકુ - દેવસ્થાનક)

શ્રી અજિતનાથ જિનાલયની બાજુમાં, વાંકુ, તા. અબડાસા, જી. કચ્છ, ગુજરાત - ૩૭૦ ૬૪૫.

વાંકુ દેવસ્થાનકે નમતા લોડાયા પરિવારના

**કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી**ના મંદિરના જીર્ણોદ્ધાર બાદ નૂતન મંદિરે

કુળદેવીશ્રીની પુન:પ્રતિષ્ઠા, શ્રી સખત માતાજી અને શ્રી ક્ષેત્રપાળ દાદાની ફરઈની પ્રાણ પ્રતિષ્ઠા

ભૂઇમાશ્રીને તૃતિય ગંધી અર્પણ પ્રસંગે

## ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવે

સર્વે ભાવિકો સહ નિયાણી બહેનોને પધારવા

## સસ્નેહ આમંત્રણ

જય માતાજી !

સહર્ષ જણાવવાનું કે, કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની અસીમ કૃપાથી વાંકુ દેવસ્થાનકે આપણને ફરી એક સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. ખુશીઓના દેવાલયે ફરી એક નૂતન પુષ્પ ખીલી રહ્યો છે. જે આપની સમક્ષ રજુ કરતાં મન-હૃદય આનંદથી ઝૂલી રહ્યા છે.

વિ.સં. ૨૦૭૪, આસો વદ-૧૪ (કાળી ચૌદસ), તા. ૦૬.૧૧. ૨૦૧૮ના સામૂહિક જૂહાર વખતે માતાજીના મંદિરના જીર્ણોદ્ધાર બાબતે માતાજીના આદેશ મુજબ વિક્રમ સંવત ૨૦૭૫, માગસર સુદ-૧૩, ગુરૂવાર, તા. ૨૦.૧૨.૨૦૧૮ના શુભ દિને સવારે ૭:૧૫ કલાકે માતાજીની મંદિરેથી ઉત્થાપન વિધિ શરૂ થઇ. કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી ભાવિકોની ઉપસ્થિતીમાં વાજતે-ગાજતે વાંકુ સ્થિત શ્રી અજિતનાથ જિનાલયની પાછળ શ્રી સચ્ચાઇ માતાજીના જ બીજા દેવસ્થાનકે, બિરાજમાન થયા તેમજ જીર્ણોદ્ધાર પર્યંત ત્યાં જ બિરાજમાન રહેશે.

કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીનો બીજો આદેશ એટલે કે જેની આપણે સહુ વર્ષોથી રાહ જોઇ રહ્યા છે તે ખનન વિધિ અને શીલા સ્થાપનાના મુહૂર્ત અને જીર્ણોદ્ધાર બાદ મંદિર ગર્ભમાં પુન:પ્રતિષ્ઠાના મુહૂર્ત પણ માતાજીએ ભાવિકોની ઉપસ્થિતિમાં માગસર સુદ-૧૩, ગુરૂવાર, તા. ૨૦.૧૨. ૨૦૧૮ના આપ્યો. જેમાં ખનન વિધિ અને શીલા સ્થાપનાનું મુહૂર્ત વિક્રમ સંવત ૨૦૭૫, પોષ વદ-૩, બુધવાર, તા. ૨૩.૦૧.૨૦૧૯ શુભ સવારે તેમજ મંદિર જીર્ણોદ્ધાર બાદ પુનઃ પ્રતિષ્ઠાનું મુહૂર્ત વિક્રમ સંવત ૨૦૭૫, ચૈત્ર વદ-૧૩, , ગુરૂવાર, તા. ૦૨.૦૫.૨૦૧૯ના શુભ દિનનું મળ્યું.

કુળદેવીશ્રી સચ્ચાઇમાતાજીની પુનઃ પ્રતિષ્ઠા વખતે માતાજીની સખી બહેન શ્રી સખત માતાજી અને શ્રી ક્ષેત્રપાળ દાદાની નૂતન ફરઇ (પ્રતિમા)ની પ્રાણ પ્રતિષ્ઠાના ત્રણ દિવસીય કાર્યક્રમ માતાજીના આદેશ મુજબ વિક્રમ સંવત ૨૦૭૫, ચૈત્ર વદ-૧૧, મંગળવાર, તા. ૩૦.૦૪.૨૦૧૯ થી વિક્રમ સંવત ૨૦૭૫, ચૈત્ર વદ-૧૩, ગુરૂવાર, તા. ૦૨.૦૫.૨૦૧૯ દરમ્યાન આયોજેલ છે.

સંપૂર્ણ કાર્યક્રમની રૂપરેખાની કુમકુમ છાંટેલી આમંત્રણ પત્રિકા (મંદિરનો ઈતિહાસ, દાતાશ્રી પરિવારની નામાવલિ તેમજ થયેલા પ્રસંગોના અહેવાલ) આપશ્રીની સમક્ષ ખનન વિધિ બાદ પ્રસ્તુત થશે. માતાજીના મંદિર જીર્ણોદ્ધાર બાબતે ભાવિકો તરફથી સારો એવો પ્રતિસાદ અને રકમ પ્રાપ્ત થયેલ છે. મંદિર જીર્ણોદ્ધાર અને ત્રયાન્હિકા મહોત્સવનો સંયુક્ત ખર્ચ અંદાજે રૂા. ૧૨.૫૦ લાખની આસપાસ થશે. હજી પણ કોઇ ભાવિકો મંદિર જીર્ણોદ્ધાર અને ત્રયાન્હિકા મહોત્સવમાં રકમ લખાવવાની ભાવના અથવા લખાવેલ રકમ વધારવાની ભાવના હોય તો તેઓ ભૂઇમાશ્રીનો જરૂરથી સંપર્ક કરે. આવા દૂર્લભ અવસર આપણને ઘણા સમયની પ્રતિક્ષા બાદ મળ્યો છે. જરૂરથી આપશ્રી માતાજીને આપના ઋણ સત્વરે ચૂકવશો.

વાંકુ દેવસ્થાનકે જીર્ણોદ્ધાર બાદ પ્રથમ વાર ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે જેમાં તેરા, વારાપધ્ધર, કોઠારા, સુથરી, મંજલ રેલડીયા, હાલાર પ્રદેશમાં વસતા લોડાયા પરિવારના ભાવિકો તેમજ નિયાણી બહેનો સહપરિવાર જોડાશે. ઘણા પરિવારો છે જેઓ ભાવિક સંઘના સંપર્કમાં નથી આવ્યા જેના કારણે થયેલા કાર્યક્રમની માહિતી તેમની પાસે કદાચ ન પણ હોય ! જે પરિવારો પ્રતિષ્ઠા મહોત્સવે પધારવાના હોય તેઓ અચૂક ભૂઇમાશ્રીનો સંપક કરે જેથી તેમની વ્યવસ્થા સુચારૂ રીતે થઇ શકે. અત્યાર સુધી પ્રાપ્ત થયેલ રકમ તેમજ મંદિર જીર્ણોદ્ધાર માટે દાનની રકમ આપનાર ઉદારદિલ લાભાર્થી પરિવારોની નામાવલિ તેમજ ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવની વિવિધ લાભની યોજના આપની સમક્ષ રજૂ કરીએ છે. વિશેષમાં આપ કેટલી સંખ્યામાં પધારશો, ક્યારે પધારશો, તેમજ જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા મહોત્સવમાં લાભ લેવાની ભાવના હોય તો તેની માહિતી ભૂઇમાશ્રીને સંપર્ક કરી મેળવશો.

|| કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || શ્રી ક્ષેત્રપાળ દાદાય નમઃ ||

# કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી ભાવિક સંઘ (વાંકુ - દેવસ્થાનક)

શ્રી અજિતનાથ જિનાલયની બાજુમાં, વાંકુ, તા. અબડાસા, જી. કચ્છ, ગુજરાત - ૩૭૦ ૬૪૫.

## ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવના રત્નસ્થંભ લાભાર્થી પરિવાર

**સંઘમાતા માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધ્ધર)**

અ.સૌ. ચંદન ધીરેન લોડાયા, અ.સૌ. હંસા જીજ્ઞેશ લોડાયા, હીના શાહ, અ.સૌ. પાયલ રાહુલ લોડાયા

## ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવના સુવર્ણસ્થંભ લાભાર્થી પરિવાર

**શ્રી અલ્કેશ પ્રતાપ ચાંપશી લોડાયા (તેરા-મુલુન્ડ)**

## ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવના વિવિધ યોજનાના લાભ માટે દાતાશ્રી આવકાર્ય

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨૧૦૦૦ | સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ | ૩ લાભ | ૨૧૦૦૦ | રંગમંડપનો લાભ | ૩ લાભ |
| ૩૧૦૦૦ | નવકારશીનો લાભ | ૩ લાભ | ૨૧૦૦૦ | ઉતારાની વ્યવસ્થા | ૩ લાભ |
| ૫૧૦૦૦ | બપોરની સાધર્મિક ભક્તિનો લાભ | ૩ લાભ | ૧૫૦૦૦ | ભાવિકો માટે વાહન વ્યવસ્થા (ઉતારાથી વાંકુ) | ૩ લાભ |
| ૩૧૦૦૦ | સાંજની ચૌવિહાર ભક્તિ | ૩ લાભ | ૩૧૦૦૦ | વિધિમંડપનો લાભ (યજ્ઞકુંડ) | ૧ લાભ |
| ૩૫૦૦૦ | ફોટોગ્રાફી-વીડીયોગ્રાફી-સ્ક્રીન ડિસ્પ્લે | ૨ લાભ | ૧૧૦૦૦ | બપોરની ચા-કોફી-દૂધ-અલ્પાહાર | ૧ લાભ |
| ૨૧૦૦૦ | રાસ-ગરબાના લાભાર્થી પરિવાર | ૧ લાભ | ૫૧૦૦ | પ્રતિષ્ઠા વખતે ૭ સજોડા (યજ્ઞકુંડે)હવન | ૭ લાભ |
| ૧૧૦૦૦ | પ્રતિષ્ઠા બાદ મહાઆરતીનો લાભ | ૧ લાભ | ૧૧૦૦ | સામૂહિક જૂહાર (નામકરણ-છેડાછેડી) | વ્યક્તિ દીઠ |

| | | |
|---|---|---|
| ૧,૨૫,૦૦૦ | સંઘમાતા માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા | વારાપધ્ધર-અમદાવાદ |
| ૧,૦૧,૧૧૧ | શ્રી અલ્કેશ પ્રતાપ ચાંપશી લોડાયા | તેરા-મુલુન્ડ |
| ૫૧,૦૦૦ | શ્રી જય વીરેન્દ્ર ચાંપશી લોડાયા | તેરા-મુલુન્ડ |
| ૨૫,૦૦૦ | શ્રી કાનજીભાઇ હંસરાજ રતાણી હસ્તે : શ્રી કિરીટભાઇ | મસ્જીદ બંદર-તેરા |
| ૧૧,૧૧૧ | માતુશ્રી લક્ષ્મીબેન ધનજી રતાણી | ઇંદોર-તેરા |
| ૧૧,૧૧૧ | માતુશ્રી કસ્તુરીબાઇ તેજપાર રતાણી | તેરા-પૂના |
| ૧૧,૧૧૧ | માતુશ્રી વેજબાઇ પદમશી રતાણી | તેરા-અમદાવાદ |
| ૧૧,૧૧૧ | માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી ખેતશી લોડાયા | તેરા-તેરા |
| ૧૧,૧૧૧ | માતુશ્રી હંસાબેન લાલજી મેઘજી લોડાયા | વારાપધ્ધર-કાંજુરમાર્ગ |
| ૧૧,૦૦૦ | માતુશ્રી ખેતબાઇ શામજી રતાણી હસ્તે : શ્રી જીતેન્દ્રભાઇ | તેરા-તેરા |
| ૧૧,૦૦૦ | માતુશ્રી ગંગાબાઇ શીવજી રતાણી | તેરા-ચાલીસગામ |
| ૧૧,૦૦૦ | શ્રી ટોકરશી રતનશી લોડાયા | વારાપધ્ધર-ડોંબિવલી |
| ૧૧,૦૦૦ | શ્રી લક્ષ્મીચંદ શીવજી રતાણી | તેરા-પૂના |
| ૧૧,૦૦૦ | માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ગંગાજર રતાણી | તેરા-ડોંબિવલી |
| ૫,૫૫૫ | માતુશ્રી ગંગાબાઇ કરમશી રતાણી હસ્તે : શ્રી હીરેનભાઇ | તેરા-ડોંબિવલી |
| ૫,૦૦૦ | શ્રી રમેશ હીરજી પુનશી રતાણી | તેરા-ઇંદોર |
| ૫,૦૦૦ | શ્રી ખીમજી મુલજી લોડાયા | વારાપધ્ધર-ભૂજ |
| ૫,૦૦૦ | શ્રી પ્રફુલ ધનજી લોડાયા | મંજલ રેલડીયા |
| ૫,૦૦૦ | એક સદ્ગૃહસ્થ | તેરા-ડોંબિવલી |
| ૨,૫૦૧ | શ્રીમતી કાંતાબેન કુમારપાળ મોમાયા (નિયાણી બહેન) | |
| ૨,૦૦૧ | માતુશ્રી દમયંતિબેન શ્રીકમજી મેઘજી લોડાયા | વારાપધ્ધર-ડોંબિવલી |
| ૧,૧૧૧ | શ્રી પ્રેમચંદ હંસરાજ લોડાયા | વારાપધ્ધર-ડોંબિવલી |
